વર્ષ : ૬૫ ■ અંક : ૧૧ ■ તા.૧-૬-૨૦૨૫

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક







# यशस्वी भव...
# विजयी भव...




સિંદૂર સન્માન યાત્રા
જનનાયક સાથે જનતા

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 65 ■ Issue : 11 ■ Date : 1 - 6 - 2025

તંત્રી : માહિતી નિયામક
સહતંત્રી : અરવિંદ પટેલ
કાર્યવાહક તંત્રી : જયેશ દવે
સંપાદક : મનીષા વાઘેલા
સહસંપાદક : અરૂણા ડાવરા, વિવેક ગોહેલ, નીરવ રાવલ
કલાનિર્દેશક : જસ્મીન દવે
લેઆઉટ ડિઝાઇન : મૌલિક એમ. રાજપૂત
વિતરણ વિભાગ : પી. જી. ચંડીસરા, દામિની ચૌહાણ, જયદીપસિંહ ઝાલા

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

વિતરણ વિભાગ : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
ઈ-મેલ એડ્રેસ : gujaratmagazine@gmail.com
ફરિયાદ એડ્રેસ : gujaratpaxik1@gmail.com
ફેસબુક લિંક : gujaratinformation.official

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ




- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા સાથે વિકાસની રાજનીતિથી નવા ભારતનું નિર્માણ કરવા સંકલ્પબદ્ધ છે.
- ઓપરેશન સિંદૂરની સફળતા અને સેનાના શૌર્યસભર પરાક્રમથી દેશવાસીઓમાં રાષ્ટ્રહિત પ્રથમની પ્રબળ ભાવના જાગી છે.
- વડાપ્રધાનશ્રીએ ન્યૂ એજ રિન્યૂએબલ એનર્જી પર હંમેશા ભાર મૂક્યો છે.
- રેલવેનો કાયાકલ્પ, સ્ટેશનોના આધુનિકીકરણ અને યાત્રી સુવિધાના નવતર આયામો આગવા વિઝન અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પ સાથે વડાપ્રધાનશ્રીએ શરૂ કર્યા છે.
- આઝાદીનાં ૭૫ વર્ષ પછી ગુજરાતની ત્રિભુવન પટેલ યુનિવર્સિટી તરીકે દેશને પ્રથમ સહકાર યુનિવર્સિટીની ભેટ મળી છે.
- સૌર અને પવન ઊર્જા સહિતના ક્ષેત્રોમાં ગુજરાતે વિકસાવેલું ઇન્ફ્રાસ્ટ્રક્ચર દેશ માટે દિશાદર્શક બન્યું છે.
- વડાપ્રધાનશ્રીએ સેનાથી લઈને સામાન્ય માનવીની સુવિધા - સજ્જતા માટે પાયાની સુવિધા અને આધુનિકીકરણને પ્રાથમિકતા આપી છે.
- RE-NETWORK ૨૦૨૫ જેવાં આયોજનો રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' મંત્રને સાર્થક કરે છે.
- ભારતને નોલેજ બેઝ્ડ ઇકોનોમીમાં અગ્રેસર બનાવવામાં ગુજરાત લીડ લઈ રહ્યું છે.
- ભારત પાસે વિશ્વનો સૌથી અફોર્ડેબલ ઇન્ટલેક્ચુઅલ મેનપાવર છે.
- મેઈક ઈન ઈન્ડિયા – મેઈડ ફોર ધ વર્લ્ડ મંત્રને માંડલ-બેચરાજી-વિઠલાપુર વિસ્તાર ઓટોમોબાઈલ હબ બનીને સાકાર કરે છે.
- વિકસિત ભારત@૨૦૪૭ માટે વિકસિત ગુજરાત@૨૦૪૭ વિઝનને સંસ્થાકીય રૂપ આપવા GRIT મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે.

**(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)**




6 સંવાદ



7 મંથન



8 સુવિધા




26 વિકાસયાત્રા



32 સંવર્ધન

10 કવર સ્ટોરી



22 સહકાર



35 જળ વ્યવસ્થાપન
36 સમાચાર વિશેષ
38 સંક્ષિપ્ત સમાચાર
40 ગૌરવ
42 પ્રાકૃતિક કૃષિ
43 નિર્ણય
45 અવનવું
46 ક્વિઝ કોર્નર
47 પ્રેરણા
48 સાયબર સુરક્ષા
49 જાણકારી
50 શબ્દ યાત્રા

# વિકાસની વર્ષામાં ભીંજાતું ગુજરાત

મેઘરાજાનું આગમન થતાં જ સમસ્ત પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠે છે. મેઘરાજાના આગમન પૂર્વે જ ગુજરાતમાં દેશની જનતાના હૃદયસમ્રાટ એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમન સાથે વિકાસકામોની હેલી વરસી. ઑપરેશન સિંદૂરની સફળતા બાદ પ્રથમવાર ગુજરાત આવેલા રાજ્યના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જનતાના 'યશસ્વી ભવ, વિજયી ભવ'ના આશીર્વાદ મળ્યા.

વિકસિત રાષ્ટ્રના સંકલ્પ સાથે દેશની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટે આગળ વધી રહેલા ભારતના કેન્દ્રમાં આજે ગુજરાત છે, જેની પ્રતીતિ વડાપ્રધાનશ્રીની ગુજરાત મુલાકાતથી થઈ. ભુજથી રૂ. ૫૩,૪૦૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનો ઉપહાર, ઊગતા સૂર્યની ભૂમિ દાહોદથી રૂ. ૨૪ હજાર કરોડનાં વિકાસકામોનાં ખાતમુહૂર્ત- લોકાર્પણ અને ગાંધીનગરમાં રૂ. ૫૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સનાં લોકાર્પણ - ખાતમુહૂર્ત થતાં જાણે વિકાસની વર્ષામાં ગુજરાત ભીંજાઈ ગયું.

કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે પણ મહેસાણા, ગાંધીનગર, અમદાવાદમાં જનસુવિધાનાં કાર્યોને જનસમર્પિત કર્યાં, ગૃહમંત્રીશ્રીએ વિકાસકાર્યોનો પ્રારંભ કરાવી લોકોને 'જન-જનની સરકાર'ની પ્રતીતિ કરાવી.

'કેચ ધ રેઇન' અભિયાન સહિત જળસંચયનાં કાર્યોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વેગવાન બનાવ્યાં છે. ઉનાળાને અનુલક્ષીને નર્મદાનું ૩૦,૬૮૯ MCFT(Million Cubic Feet) પાણી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારોમાં વિતરણ કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ મારફત ૩,૨૫૦ કિ.મી બલ્ક પાઇપલાઇન અને ૧.૨૦ લાખ કિ.મી લાંબી પાઇપલાઇનથી ૧૫,૭૨૦ ગામો અને ૨૫૧ શહેરોને દૈનિક ૩૨૦ કરોડ લિટર પાણી વિતરણ કરાઈ રહ્યું છે.

વૈશ્વિક પ્રવાસીઓને આકર્ષવા અને ધરોઈ ડેમ વિસ્તારને વર્લ્ડક્લાસ સસ્ટેનેબલ ટૂરિઝમ - પિલગ્રિમેજ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવા “એડવેન્ચર ફેસ્ટ”નું આયોજન ગુજરાતની પ્રોત્સાહક પ્રવાસન નીતિનો ભાગ છે. પ્રવાસનમાં શિરમોર એવું ગીર ગુજરાતનું ગૌરવ છે, જ્યાં ડાલામથ્થા સિંહની ડણક ગાજે છે. ગુજરાતના સંવર્ધન, સંરક્ષણને પરિણામે હવે તેની વસતી પણ વધીને એક હજારની નજીક પહોંચી છે.

સાથે સાથે આ અંકથી શરૂ કરવામાં આવેલી નવી શ્રેણી "શબ્દ યાત્રા" દ્વારા વાચકો “ગુજરાતનાં સંગ્રહાલયો” જેવી અત્યંત રસપ્રદ માહિતી મેળવશે. "ગુજરાત" પાક્ષિકની નવતર પહેલ, માહિતીસભર લેખો અને જનહિતલક્ષી વાતો વાચકોને મનનો જમણવાર પૂરો પાડશે એવો વિશ્વાસ છે.

જય જય ગરવી ગુજરાત...

**માહિતી નિયામક**

# મન કી બાત મે - ૨૦૨૫

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ વાંચવા માટે QR કોડ સ્કેન કરો...



## આતંકવાદ વિરુદ્ધનો સંકલ્પ- ઑપરેશન સિંદૂર

આજે સમગ્ર દેશ આતંકવાદ વિરુદ્ધ એકમત છે, ઑપરેશન સિંદૂર કેવળ એક સૈન્ય અભિયાન નથી, પરંતુ તે આપણા સંકલ્પ, સાહસ અને બદલતા ભારતની તસવીર છે અને આ તસવીરે સમગ્ર દેશને દેશભક્તિના ભાવોથી ભરી દીધો છે, ત્રિરંગામાં રંગી દીધો છે.

## વોકલ ફોર લોકલ

ઑપરેશન સિંદૂરમાં ભારતમાં બનેલાં શસ્ત્રો, ઉપકરણો અને ટૅક્નોલૉજીની તાકાત જોવા મળી. ઘણાં લોકોએ સંકલ્પ કર્યો કે ભારતમાં બનેલાં રમકડાં જ લઈશું'. કેટલાંય કુટુંબોએ શપથ લીધા છે કે, 'અમે અમારી આગામી રજાઓ દેશની કોઈ સુંદર જગ્યાએ વિતાવીશું. હવે જે પણ ભેટ આપીશું તે કોઈ ભારતીય શિલ્પકારના હાથથી બનેલી પસંદ કરીશું.'

## સિંહોની વસતિમાં વધારો

પાછલાં કેવળ પાંચ વર્ષોમાં જ ગુજરાતના ગીરમાં સિંહોની વસતિ ૬૭૪થી વધીને ૮૯૧ થઇ ગઈ છે. સિંહોની વસતિ ગણતરી પછી સામે આવેલી સિંહોની આ સંખ્યા ખૂબ ઉત્સાહિત કરનારી છે.

## Crafted Fibers

Crafted Fibers એ કેવળ એક બ્રાન્ડ નથી, સિક્કિમની પરંપરા, વણાટકલા અને આજની ફૅશનનો વિચાર એમ, ત્રણેયનો સુંદર સંગમ છે. તેની શરૂઆત ડૉ. ચેવાંગ નોરબુ ભૂટિયાએ કરી.

## ડ્રોન દીદી

તેલંગણાના સંગારેડ્ડી જિલ્લામાં, થોડા સમય પહેલાંથી મહિલાઓ ડ્રોનથી ૫૦ એકર જમીનમાં દવાના છંટકાવનું કામ કરી રહી છે. આ મહિલાઓ 'drone operator' નહીં, 'sky warriors' – આકાશી વીરાંગનાઓના નામથી ઓળખાય છે. આ મહિલાઓ, આપણને જણાવી રહી છે – પરિવર્તન ત્યારે આવે છે જ્યારે ટૅક્નોલૉજી અને સંકલ્પ એકસાથે ચાલે છે.

## જીવન જોશી

ઉત્તરાખંડના હલ્દ્વાનીના રહેવાસી જીવનજીના પગ બાળપણમાં પોલિયોએ છીનવી લીધા. પરંતુ હિંમત ન છીનવાઈ. તેઓએ 'બગેટ' નામની એક અનોખી કળાને જન્મ આપ્યો. તેઓ દેવદારનાં વૃક્ષોની સૂકી છાલથી સુંદર કલાકૃતિઓ બનાવે છે.

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

૨૧ જૂન ૨૦૧૫માં, 'યોગ દિવસ'ની શરૂઆત પછીથી જ તેનું આકર્ષણ સતત વધી રહ્યું છે. આંધ્રપ્રદેશની સરકારે YogAndhra અભિયાન શરૂ કર્યું છે, જેનો ઉદ્દેશ્ય સમગ્ર રાજ્યમાં યોગ સંસ્કૃતિ વિકસાવવાનો છે. આ અભિયાન અંતર્ગત યોગ કરનારાં ૧૦ લાખ લોકોનો એક સમૂહ બનાવવામાં આવી રહ્યો છે. મને આ વર્ષે વિશાખાપટ્ટનમમાં 'યોગ દિવસ' કાર્યક્રમમાં સામેલ થવાની તક મળશે.

## ખેલો ઇન્ડિયા

આ વખતે 'ખેલો ઇન્ડિયા'માં કુલ ૨૬ વિક્રમ નોંધાયા. Weight Lifting સ્પર્ધાઓમાં મહારાષ્ટ્રનાં અસ્મિતા ધોને, ઓડિશાના હર્ષવર્ધન સાહુ અને ઉત્તરપ્રદેશના તુષાર ચૌધરીના શાનદાર દેખાવે સૌનાં દિલ જીતી લીધાં. તો, મહારાષ્ટ્રના સાઇરાજ પરદેશીએ તો, ૩ વિક્રમ રચી નાંખ્યા. ખેલાડીઓમાં ઉત્તરપ્રદેશના કાદિર ખાન અને શેખ જીશાન તેમજ રાજસ્થાનના હંસરાજે શાનદાર દેખાવ કર્યો. આ વખતે બિહારે પણ ૩૬ ચંદ્રક પોતાનો નામે કર્યા. સાથીઓ, જે રમે છે, તે જ ખીલે છે.

## વિશ્વ મધમાખી દિવસ

૨૦મી મે એ વિશ્વ મધમાખી દિવસ મનાવવામાં આવ્યો. પાછલાં ૧૧ વર્ષમાં મધમાખી પાલનમાં ભારતમાં એક મધુર ક્રાંતિ થઈ છે. આજથી ૧૦-૧૧ વર્ષ પહેલાં ભારતમાં મધઉત્પાદન એક વર્ષમાં લગભગ ૭૦-૭૫ હજાર મેટ્રિક ટન થતું હતું. તે આજે વધીને લગભગ સવા લાખ મેટ્રિક ટન જેટલું થઈ ગયું છે.



# ગુજરાતનો વિકાસલક્ષી રોડમેપ 'GRIT'

કોઈ પણ રાષ્ટ્રની નીતિઓ તેનું ભવિષ્ય નક્કી કરતી હોય છે. ભારતના ભવિષ્ય નિર્ધારણ માટે "નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા" અર્થાત્ નીતિ આયોગનું ગઠન કરવામાં આવ્યું છે. તાજેતરમાં જ નવી દિલ્હીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ૧૦મી બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે, વિકસિત ભારત@૨૦૪૭ એ રાષ્ટ્રનો સામૂહિક સંકલ્પ છે. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં આ સંકલ્પને પાર પાડવામાં દરેક રાજ્યની અર્થપૂર્ણ અને રણનીતિક ભૂમિકા અનિવાર્ય છે. દરેક રાજ્ય, દરેક શહેર-ગામ અને સમાજ વિકસિત બને તે જ વિકસિત ભારતના સંકલ્પનો મૂળ ઉદ્દેશ છે.

વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓએ વિકસિત ભારત@૨૦૪૭માં તેમના રાજ્યની સજ્જતા અને આયોજનની રૂપરેખા આપી હતી. ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આગવા વિકાસ વિઝન સાથે વિકસિત ગુજરાત@૨૦૪૭નો જે રોડમેપ કંડાર્યો છે તેના અમલ માટેના સુનિશ્ચિત આયોજનની વિગતવાર છણાવટ આ બેઠકમાં પ્રસ્તુત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વિકસિત ભારત@૨૦૪૭ માટે વિકસિત રાજ્યનો રોડમેપ તૈયાર કરનારાં અગ્રણી રાજ્યોમાંનું ગુજરાત પણ એક રાજ્ય છે. આ રોડમેપ અંતર્ગત રાજ્યનાં બધાં જ લોકોના અર્નિંગ વેલ અને લિવિંગ વેલનું વિઝન ગુજરાતે રાખ્યું છે. આ વિઝનને સંસ્થાગત સ્વરૂપ આપવા ગુજરાતે નીતિ આયોગની તર્જ પર ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન- GRITની સ્થાપના કરી છે. ગ્રીટ સર્વસમાવેશી વિકાસ ઉન્મુખ લક્ષ્યોને સિદ્ધ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે. વિકસિત ગુજરાત@૨૦૪૭ને ધરાતલ પર ઉતારવાના ફ્રેમવર્કને બે પરિમાણોમાં અપનાવવાનો વ્યૂહ રાખ્યો છે. ડેવલપમેન્ટ ઓફ ઇમ્પ્લિમેન્ટેશન રોડમેપ અંતર્ગત જળ સંસાધન, એગ્રિકલ્ચર, એનર્જી, સ્પોર્ટ્સ, હેલ્થ, સ્કૂલ એજ્યુકેશન અને સ્કિલિંગ જેવા ક્ષેત્રોમાં અસરકારક સ્ટ્રેટેજી ડેવલપ કરવા સાથે યોજનાઓના સુદ્રઢ અમલ પર ફોકસ કરવામાં આવી રહ્યું છે.

**વિકસિત ગુજરાત ફંડનું પણ પ્રાવધાન આ વર્ષના બજેટમાં કર્યું છે અને માત્ર આયોજન જ નહીં મોનિટરિંગ મિકેનિઝમ પણ ગોઠવ્યું છે.**

બીજા પરિમાણમાં રિજિયોનલ ઇકોનોમિક માસ્ટર પ્લાન એપ્રોચ અપનાવીને સુરત ઇકોનોમિક રિજિયન ડેવલપમેન્ટ માસ્ટર પ્લાન નીતિ આયોગના માર્ગદર્શનમાં લાગુ કર્યો છે. આ જ પેટર્ન પર રાજ્યમાં અન્ય પાંચ વિસ્તારો માટે પણ રિજિયોનલ ઇકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યા છે. વિકસિત ગુજરાત ફંડનું પણ પ્રાવધાન આ વર્ષના બજેટમાં કર્યું છે અને માત્ર આયોજન જ નહીં મોનિટરિંગ મિકેનિઝમ પણ ગોઠવ્યું છે. આ હેતુસર સસ્ટેનેબિલિટી તથા ડેટા ડિસિઝન મેકિંગ સુનિશ્ચિત કરવા ડિજિટલ ડેશબોર્ડ અને ૫૦૦થી વધુ કી પરર્ફોર્મન્સ ઇન્ડિકેટર્સ (KPI) નિર્ધારિત કરવામાં આવી રહ્યા છે. ગુજરાતે નવાં ઊભરતાં ક્ષેત્રોમાં નિવેશ અને રોજગાર અવસર માટે પણ પૉલિસિઝ ઘડી છે અને પૉલિસી ડ્રિવન સ્ટ્રેટ તરીકેની ગુજરાતની ખ્યાતિ વધુ મજબૂત કરી છે. ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર પૉલિસી, સ્પેસ ટેક પૉલિસી, સેમિકન્ડક્ટર પૉલિસી જેવી સેક્ટર સ્પેસિફિક પૉલિસિઝ અને એ. આઇ. વિઝનને આગળ ધપાવતા ગિફ્ટ સિટીમાં એ.આઇ. સેન્ટર ઓફ એક્સેલેન્સ કાર્યરત છે.



# રેલ માર્ગે વિકાસયાત્રા
# અમૃત સ્ટેશન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂ. ૧૬૪ કરોડના ખર્ચે ગુજરાતના પુનર્વિકસિત થઈ ગયેલાં ૧૮ રેલવે સ્ટેશનનાં વર્ચ્યુઅલ લોકાર્પણ રાજસ્થાનના બિકાનેર ખાતે આયોજિત કાર્યક્રમમાં કર્યાં હતાં. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમૃત સ્ટેશન યોજનામાં નવીનીકરણ થયેલા લીંબડી સ્ટેશનના લોકાર્પણ અવસરમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશનું સેવાદાયિત્વ સંભાળ્યું ત્યારથી સેનાથી લઈને સામાન્ય માનવીની સુવિધા, સજ્જતા - સુખાકારી માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિકીકરણને પ્રાથમિકતા આપી છે. રેલવેનો કાયાકલ્પ, સ્ટેશનોના આધુનિકીકરણ અને યાત્રી સુવિધાના નવતર આયામો આગવા વિઝન અને રાષ્ટ્રનિર્માણ માટેના સંકલ્પ સાથે વડાપ્રધાનશ્રીએ શરૂ કર્યા છે. જો લોકોની સારી સેવા કરવાની ઇચ્છાશક્તિ અને વિકાસની રાજનીતિની પ્રતિબદ્ધતા હોય તો સુશાસન દ્વારા રેલવે સેવાઓમાં કેવાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય તે વડાપ્રધાનશ્રીએ દુનિયાને બતાવ્યું છે. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ૨૦૧૪થી અત્યાર સુધીમાં રાજ્યમાં ૩૧૪૪ કિલોમીટર રેલવે લાઇનનું વિદ્યુતીકરણ થયું છે તે સાથે ગુજરાતમાં ૯૭ ટકા રેલવે રૂટ વિદ્યુતકૃત થઈ ગયા છે.

એટલું જ નહીં, ૨૦૨૫-૨૬માં રેલવે બજેટમાં ગુજરાત માટે ૧૭,૧૫૫ કરોડ રૂપિયા ફાળવાયા છે, જે અગાઉના ૨૦૦૯ થી

૧૭૧ વર્ષ જૂનું નેટવર્ક, રનિંગ લાઇન ૧૦૯,૭૪૮ કિમી અને કુલ ટ્રેકેજની લંબાઈ ૧,૩૫,૨૦૭ કિમી., ૬૮૫૩ સ્ટેશન્સનો ફેલાવો અને ૧૫ લાખથી વધુનું માનવબળ. આ વિશિષ્ટતાઓને આધારે આપણું ભારત વિશ્વનું ચોથું સૌથી મોટું રેલવે નેટવર્ક ધરાવે છે. એક જ ક્ષણે કરોડો લોકો ભારતીય રેલવે સેવાનો લાભ લઈ રહ્યા હોય છે. દેશની કુલ મુસાફરી અને માલસામાનની હેરફેરમાં રેલવે નોંધપાત્ર હિસ્સો ધરાવતી સેવા છે. છેલ્લા એક દાયકામાં ભારતીય રેલવેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મિશનને અનુરૂપ અનેક સુવિધાદાયક પરિવર્તનો આવ્યાં. વંદે ભારત, નમો રેપિડ રેલ અને નજીકના ભવિષ્યમાં બુલેટ ટ્રેન શરૂ થવાથી ઇતિહાસ રચાઈ જશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્ર નિર્માણ અને તેમના વિઝનના સંકલ્પના પરિણામે દેશને અમૃત સ્ટેશન યોજનાની ભેટ મળી છે. આ યોજનામાં દેશના ૧૩૦૦થી વધુ સ્ટેશનોનો કાયાકલ્પ કરીને તેનો પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતનાં ૮૭ સ્ટેશનોનું પણ ૬૩૦૩ કરોડ રૂપિયાના ખર્ચે આધુનિકીકરણ થઈ રહ્યું છે.



૨૦૧૪ સુધીના સમયમાં ફાળવાયેલા બજેટ કરતાં સરેરાશ ૨૯ ગણા છે. વિશ્વના અગ્રણી પ્રવાસન સ્થળ સ્ટેચ્યૂ ઓફ યુનિટી-એકતાનગર સુધી દેશ-દુનિયાના યાત્રિકો સરળતાથી પહોંચી શકે તે માટે રેલવે સેવાઓ વિસ્તારવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનાં ૧૮ સ્ટેશનોના પુનર્વિકાસ પછી તેનું વડાપ્રધાનશ્રી દ્વારા થયેલું લોકાર્પણ રાજ્યમાં રેલવે સુવિધાઓ અને પેસેન્જર એમેનિટીઝને વધુ સુગમ બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

રાજસ્થાનના બિકાનેર ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત પુનર્વિકસિત ૧૦૩ રેલવે સ્ટેશનના લોકાર્પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ સૌએ રસપૂર્વક નિહાળ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રેલવે સ્ટેશન ખાતે વિકસિત અત્યાધુનિક સુવિધાઓનું નિરીક્ષણ કરી સ્ટેશન અંગેની જાણકારી પણ મેળવી હતી. આ લોકાર્પણ પ્રસંગે સુરેન્દ્રનગરના સાંસદ શ્રી ચંદુભાઈ શિહોરા, નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા, ધારાસભ્યો સર્વ શ્રી કિરીટસિંહ રાણા સહિત સામાજિક આગેવાનો તથા વરિષ્ઠ અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### રૂ. ૧૦.૫૫ કરોડના ખર્ચે પુનર્વિકસિત લીંબડી સ્ટેશન

પ્લેટફોર્મ નં. ૧ નું વિસ્તરણ અને ઊંચાઈમાં વધારો. ટોઇલેટ બ્લોક્સની સ્થાપના દિવ્યાંગ મુસાફરો માટે વિશેષ સુવિધાઓ GRP ભવનનું નિર્માણ સર્ક્યુલેટિંગ એરિયાનો સુધારો સુવ્યવસ્થિત પાર્કિંગ ક્ષેત્રનો વિકાસ પ્રવેશ અને નિકાસ દ્વારનો પુનર્વિકાસ કોચ ગાઇડન્સ ડિસ્પ્લે બોર્ડ (CGDB)ની સ્થાપના મુસાફરો માટે જાહેરાત પ્રણાલીને મજબૂત બનાવવી સ્ટેશનના રવેશનું બ્યુટીફિકેશન રવેશ લાઇટિંગની વ્યવસ્થા સૂચનાત્મક સાઇનબોર્ડની સ્થાપના.

## કરમસદ રેલવે સ્ટેશનના લોકાર્પણમાં સહભાગી થતા રાજ્યપાલશ્રી



દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ એવા આણંદ જિલ્લાના કરમસદ રેલવે સ્ટેશનનો અંદાજે રૂ.૭ કરોડના ખર્ચે પુનર્વિકાસ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ રેલવે સ્ટેશનનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી કરમસદ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. કરમસદ રેલવે સ્ટેશનની ૧૦૦ મીટરની દીવાલ પર સરદારસાહેબના જીવનની ઝાંખી પ્રદર્શિત કરવામાં આવી છે.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'મેઇક ઇન ઇન્ડિયા' દ્વારા દેશમાં દરેક ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. વિદેશોમાં જે શ્રેષ્ઠ છે તેનું ભારતમાં નિર્માણ થઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રીના સક્ષમ નેતૃત્વમાં ભારતમાં રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો એક નવો યુગ શરૂ થયો છે. દેશની ચારે દિશામાં તમામ ક્ષેત્રોમાં વિકાસ થઈ રહ્યો છે. વંદે ભારત ટ્રેન દેશની શોભા વધારી રહી છે. આગામી સમયમાં ગુજરાત-મહારાષ્ટ્રને જોડતી બુલેટ ટ્રેનની સુવિધાઓ પણ ઉપલબ્ધ થવાની છે.

### અમૃત સ્ટેશન યોજના અન્વયે ગુજરાતનાં પુનર્વિકસિત સ્ટેશન્સ

શિહોર જંક્શન, ઉતરાણ, ડાકોર, ડેરોલ, હાપા, જામજોધપુર, જામવંથલી, કાનાલુસ જંક્શન, કરમસદ, કોસંબા જંક્શન, લીંબડી, મહુવા, મીઠાપુર, મોરબી, ઓખા, પાલિતાણા, રાજુલા જંક્શન અને સામખિયાળી સ્ટેશન






# यशस्वी भव... विजयी भव...

જ્યાં વિઝન હોય છે ત્યાં જ વિકાસ થાય છે. વિઝન અને વિકાસનો સુભગ સમન્વય એટલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી. વડાપ્રધાનશ્રીની ગુજરાતની પ્રત્યેક મુલાકાત માત્ર ગુજરાતીઓ માટે જ નહિ પરંતુ દેશવાસીઓ માટે પણ વિકાસનાં નવાં દ્વાર ઉઘાડનારી રહી છે. વડાપ્રધાનશ્રીની ગુજરાત મુલાકાત એ માત્ર એક પ્રવાસ નહીં, પરંતુ નવા ગુજરાતના સપનાની પૂર્તિ તરફ એક મક્કમ પગલું હોય છે. તાજેતરમાં વડાપ્રધાનશ્રીની ગુજરાત મુલાકાતથી વડોદરા થી લઈને ગાંધીનગર સુધી, જાણે કે વિકાસની લહેર ફરી વળી. વડાપ્રધાનશ્રીએ કરેલા દરેક ખાતમુહૂર્ત અને લોકાર્પણ ગુજરાતની આર્થિક, સામાજિક અને ટૅક્નૉલૉજિકલ સમૃદ્ધિની નવી દિશા નિર્ધારિત કરે છે. ગુજરાતમાં વર્ષાઋતુના આગમનનાં એંધાણ વરતાય એ પહેલાં ગુજરાતમાં જાણે વિકાસકામોની હેલી વરસી. વડાપ્રધાનશ્રીની તાજેતરની ગુજરાત યાત્રા એ માત્ર કાર્યક્રમોની હારમાળા નહીં, પણ વિકાસની રફતારને તેજ કરનાર યાદગાર યાત્રા બની રહી. આ મુલાકાતે ગુજરાતની વિકાસયાત્રાના પુસ્તકમાં વધુ એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરી દીધું.

વડોદરાથી લઈ દાહોદ, ભુજથી ગાંધીનગર સુધીના વિવિધ વિસ્તારોમાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાયા. વિકાસના નવા પ્રોજેક્ટ્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન અને રાષ્ટ્રીય સ્તરના સ્ટ્રેટેજિક ઉપક્રમોએ રાજ્યના ચહેરાને નવા રૂપરંગ આપ્યા. આ લોકાર્પણો ગુજરાતની ધરતી પર માત્ર ઈંટ-સિમેન્ટની ઇમારતો ઊભી નથી કરતી, પરંતુ કરોડો ગુજરાતીઓનાં સપનાંને આકાર આપે છે – એક સશક્ત, સ્વાભિમાની અને આત્મનિર્ભર ગુજરાતનું સ્વપ્ન સાકાર કરે છે.

## ઉગતા સૂર્યના પ્રદેશમાં રેલાયો વિકાસનો પ્રકાશ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના દાહોદ ખાતે રૂ. ૨૪ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પનાં લોકાર્પણ અને શિલાન્યાસ કરી દાહોદની ઇલેક્ટ્રિક લોકોમોટિવ ફૅક્ટરીમાંથી નિર્મિત આધુનિક ટૅક્નોલૉજીથી સજ્જ સંપૂર્ણ સ્વદેશી ૯૦૦૦ હોર્સપાવરનું ઇલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન ડી-૯ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ૩ વર્ષ અગાઉ આ ફૅક્ટરીનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો, જે આજે ભારતની મેન્યુફૅક્ચરિંગ ક્ષમતાનું પ્રતીક બની છે. આ સિદ્ધિ ગુજરાત અને દેશ માટે ગૌરવની ક્ષણ છે.

આજે ભારતમાંથી સ્માર્ટફોનથી લઈને કાર, રમકડાં, સેના માટેનાં શસ્ત્રો, દવાઓ જેવી અનેક વસ્તુઓની નિકાસ થઈ રહી છે. એટલું

**વિકાસના પાટા પર દોડતા ગુજરાતની ગૌરવગાથામાં વધુ એક સુવર્ણ પૃષ્ઠનું ઉમેરણ**




જ નહીં, આજે ભારત રેલવે, મેટ્રો અને એ માટેની ટૅક્નોલૉજી પણ પોતે જ બનાવે છે અને દુનિયામાં નિકાસ કરે છે. દાહોદ એનું જીવંત ઉદાહરણ છે.

દાહોદની ઇલેક્ટ્રિક લોકોમોટિવ ફૅક્ટરીમાં બનેલું ૯,૦૦૦ હોર્સપાવર ધરાવતું આ એન્જિન એ માત્ર દાહોદનો નહિ, પરંતુ ભારતની મેન્યુફૅક્ચરિંગ ક્ષમતા અને ટૅક્નોલૉજીનો પરિચય આપે છે. આવનારા સમયમાં દાહોદમાંથી દર બે દિવસે એક એન્જિન તૈયાર થતું હશે, એ દિવસો હવે દૂર નથી. આ ફૅક્ટરીથી સ્થાનિક યુવાઓને રોજગાર મળશે, નાના ઉદ્યોગો ઊભા થશે, સ્પેરપાર્ટ્સનાં કારખાનાં શરૂ થશે, ખેડૂત હોય, પશુપાલક હોય કે દુકાનદાર, દરેક વર્ગને આનો લાભ મળશે.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતના સો ટકા રેલ નેટવર્કના વિદ્યુતીકરણની ઐતિહાસિક સિદ્ધિ બદલ અભિનંદન આપતાં ઉલ્લેખ કર્યો હતો કે, છેલ્લા દાયકામાં ભારતે રેલવે ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ હાંસલ કરી



છે, જેમાં વંદે ભારત ટ્રેનો, મેટ્રો સેવાઓનો વિસ્તાર અને અદ્યતન ટૅકનોલૉજીનો સમાવેશ થાય છે. ભારત આજે રેલવે ટૅકનોલૉજી અને સાધનોનું નિર્માણ કરીને ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ, સાઉદી અરબ, ફ્રાન્સ, મેક્સિકો, સ્પેન અને જર્મની જેવા દેશોમાં નિકાસ કરી રહ્યું છે. આજે ભારતનાં રેલવે ઉત્પાદનોએ વૈશ્વિક બજારમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.

ગુજરાત આજે શિક્ષણ, આઇટી, સેમિકન્ડક્ટર, ટૂરિઝમ જેવાં તમામ ક્ષેત્રોમાં આગળ છે. લાખો યુવાઓને રોજગારની તક મળતી થઈ છે. દાહોદ જિલ્લાનો પણ ઘણો વિકાસ થયો છે. એક સમયે પછાત ગણાતો આ જિલ્લો આજે સ્માર્ટ સિટીનાં સપનાં સાકાર કરી રહ્યો છે. આજે દાહોદની સ્માર્ટ સિટી, એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ અને હવે રેલવે ઉત્પાદનના હબ તરીકે નવી ઓળખ પ્રસ્થાપિત થઈ છે. રેલવે ફૅક્ટરીઓ, નાના-મોટા ઉદ્યોગો અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસથી રોજગારની નવી તકો ઊભી થઈ છે. ખાસ કરીને આદિવાસી યુવાનોને આ ફૅક્ટરીઓ અને લઘુ ઉદ્યોગો દ્વારા નોકરીની અને આજીવિકાની તકો મળી રહી છે. આ પ્રદેશની આર્થિક પ્રગતિને વેગ આપવા માટે સરકાર સતત પ્રયાસો કરી રહી છે.

### વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું વર્ચ્યુઅલ લોકાર્પણ

*વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દાહોદથી કેન્દ્ર અને રાજ્ય સરકારના રૂ.૨૪,૦૦૦ કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યાં હતાં. ઉપરાંત વીડિયો કૉન્ફરન્સિંગના માધ્યમથી વડાપ્રધાનશ્રીએ વેરાવળ રેલવે સ્ટેશનથી વેરાવળ(સોમનાથ)-સાબરમતી(અમદાવાદ) 'વંદેભારત એક્સપ્રેસ' ટ્રેનનું લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. 'વંદે ભારત' (ટ્રેન નં ૨૬૯૦૧/૨૬૯૦૨) ગુરુવાર સિવાય અઠવાડિયાના છ દિવસ દરરોજ બપોરે ૨.૩૦ કલાકે વેરાવળથી પ્રસ્થાન કરશે અને સાંજે ૨૧.૩૦ કલાકે સાબરમતી સ્ટેશને આગમન થશે. આ ટ્રેનને જૂનાગઢ, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર અને વીરમગામ સ્ટોપેજ અપાયાં છે.*

આદિવાસી સમાજના ઉત્થાન પર ભાર મૂકતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે ગુજરાતના આદિવાસી પટ્ટામાં શિક્ષણ, આરોગ્ય અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે નોંધપાત્ર કામ થયું છે. એકલવ્ય મૉડેલ સ્કૂલો, આઇટીઆઇ, મેડિકલ કૉલેજો અને ટ્રાઇબલ યુનિવર્સિટીઓની સ્થાપનાથી આદિવાસી યુવાનોને શિક્ષણ અને કૌશલ્ય વિકાસની નવી તકો મળી છે. પીએમ જનમન યોજના દ્વારા આદિવાસી સમાજના સૌથી પછાત વર્ગો માટે ઘર, શિક્ષણ અને રોજગારની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, જે આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઑપરેશન સિંદૂર બદલ વડાપ્રધાનશ્રી અને સેનાને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ઑપરેશન સિંદૂરથી આંતકવાદ સામેના દેશના લડાઈ માટેના નવા માપદંડ નિયત કર્યા છે. હવે આંતકનો જવાબ ત્વરિત સચોટ અને સતત કાર્યવાહીથી અપાશે તેવો નિર્દેશ તેમણે









આપ્યો હતો. તેઓ દેશની સુરક્ષાની સાથે વિકાસની રાજનીતિથી નવા ભારતનું નિર્માણ કરી રહ્યા છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ આજે પ્રથમ ઇલેક્ટ્રિક લોકોમેટિવ એન્જિન દેશને સમર્પિત કર્યું છે તે બાબત એ સૂચવે છે કે, જેનાં ખાતમુહૂર્ત કરીએ છીએ, એનાં લોકાર્પણ પણ કરીએ છીએ. વિકાસકામો સમયબદ્ધ રીતે પૂર્ણ થાય એ કાર્યસંસ્કૃતિ વડાપ્રધાનશ્રીએ વિકસાવી છે.

કાર્યક્રમમાં કેન્દ્રીય રેલવે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, એક સમય હતો જ્યારે સ્ટીમ એન્જિનનો યુગ હતો. એ સમયગાળામાં દાહોદ રેલવેનું મોટું અને મહત્ત્વપૂર્ણ ઉત્પાદન કેન્દ્ર હતું. પણ જેમ જેમ સ્ટીમ એન્જિન પાછાં ખેંચાયાં, તેમ તેમ દાહોદના વિકાસની ગતિ ધીમી થઇ, અને તેનાથી અહીંની આર્થિક ગતિશીલતામાં પણ ઘટાડો થયો હતો. તે બાબતને ધ્યાને રાખી વડાપ્રધાનશ્રીએ અહીં નવ હજાર હોર્સપાવરનું આધુનિક ઇલેક્ટ્રિક એન્જિન નિર્માણ કરાવવાનું નિયત કર્યું હતું.

આ કામનો પ્રારંભ ૨૦૨૨માં થયો અને હવે અહીં આધુનિક રેલવેનું નિર્માણ કાર્ય શરૂ થયું છે. એને ડી-૯ નામ આપવામાં આવ્યું છે. SL-૯ અર્થાત દાહોદ ૯૦૦૦, દાહોદનામ સાથે જોડાયેલાં રેલવે એન્જિન વિદેશમાં પણ દોડશે. આ એન્જિન સંપૂર્ણપણે ડિજિટલ, અવાજમુક્ત, પાઇલટ માટે એસી કેબિન અને ટોઇલેટની સુવિધા સાથે બનાવવામાં આવ્યાં છે. આમાંથી વીજળી પણ ઉત્પન્ન કરી શકાશે. આ હવે માત્ર દાહોદ નથી, આ છે ટૅકનોલૉજી અને આત્મનિર્ભર ભારતનું પ્રતીક. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસના વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત નિમિત્તે સર્વશ્રી કુબેરભાઈ ડીંડોર, કુંવરજીભાઇ બાવળીયા, મુકેશભાઇ પટેલ તથા વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઈ ભરવાડ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.









# "વિકાસના સંકલ્પ સાથે ભુજના પવનમાં પ્રગતિના પરચમ"

ઑપરેશન સિંદૂર પછી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પહેલીવાર દેશના સરહદી જિલ્લા કચ્છ ખાતે પધાર્યા હતા. વડાપ્રધાનશ્રીએ ભુજ ખાતેથી રૂ. ૨૩૨૬ કરોડના ૧૮ વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ તથા રૂ. ૫૧,૦૮૮ કરોડનાં ૧૫ કામોનો શિલાન્યાસ કરતાં કુલ મળીને રૂ. ૫૩,૪૦૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોની રાજ્યને ભેટ આપી.

ભુજના ટાઇમ સ્કવેર સામેના મેદાનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનમેદનીને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કોઈપણ પરિસ્થિતિમાં આપણા દેશનો તિરંગો ઝૂકવો જોઈએ નહીં. વડાપ્રધાનશ્રીએ કચ્છીમાડુઓને સ્થાનિક મીઠી બોલીમાં આવકાર આપીને જણાવ્યું હતું કે, કચ્છના લોકો સરહદના સંત્રીઓ છે.

કચ્છ સહિત સમગ્ર દેશના રિન્યૂએબલ ઊર્જાના પ્રોજેક્ટ્સ દુનિયાની ગ્રીન ઇકોનોમી બ્લૂમ કરવામાં કેન્દ્રસ્થાને રહેશે એવો વિશ્વાસ વડાપ્રધાનશ્રીએ આ તકે વ્યક્ત કર્યો હતો. કચ્છ દુનિયામાં ગ્રીન એનર્જીનું સૌથી મોટું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. ગ્રીન હાઇડ્રોજન એ નવા પ્રકારનું ઈંધણ છે. આગામી સમયમાં કાર, બસ, સ્ટ્રીટલાઇટ વગેરે તેનાથી ચાલશે, જે ભારતના ઊર્જા ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે.

કંડલા દેશના ત્રણ ગ્રીન હાઇડ્રોજન હબમાંનું એક છે. અહીં ગ્રીન હાઇડ્રોજનના કારખાનાનો શિલાન્યાસ થયો છે, તેની ટૅક્નોલૉજી મેઇડ ઇન ઇન્ડિયાની છે, જે આપણા સૌના ગૌરવની વાત છે.

કચ્છ એ ભારતની સૌર ઊર્જા ક્રાંતિના કેન્દ્રમાં છે. વિશ્વના સૌથી મોટા સૌર ઊર્જા પૈકીનો એક એકમ આ ક્ષેત્રમાં વિકસાવવામાં આવી રહ્યો છે. ખાવડા સંકુલની સ્થાપના સાથે કચ્છે વૈશ્વિક ઊર્જાના નકશા પર પોતાનું સ્થાન મજબૂત કર્યું છે, જે રણમાં એક સમયે ધૂળની ડમરીઓ ઊડતી હતી, એ રણ હવે હિન્દુસ્તાનને ઊર્જાવાન બનાવશે. લોકોને પૂરતી વીજળી પણ મળે અને વીજ બિલ પણ ઝીરો થાય તે માટે પી.એમ. કિસાન સૂર્યોદય મફત વીજળી યોજના શરૂ કરી છે. જેમાં ગુજરાતના લાખો લોકો જોડાયા છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, દેશના કુલ સમુદ્રી વેપારનો લગભગ એક તૃતીયાંશ કારોબાર કચ્છનાં બંદરો પરથી થાય છે. આથી કંડલા અને મુન્દ્રાની ક્ષમતા અને કનેક્ટિવિટીને સતત વધારવામાં આવી રહી છે. આજે અહીં શિપિંગને લગતી અનેક સુવિધાઓનું લોકાર્પણ થયું છે.

## "મહિલાઓના યોગદાનને યાદ કરાયું"

૧૧ વર્ષ અગાઉ ૨૬મી મેના રોજ વડાપ્રધાન તરીકે લીધેલા શપથનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, ગુજરાતની સેવાથી દેશની સેવાની આ યાત્રાએ ૧૧ વર્ષ પૂર્ણ કર્યાં છે. ૧૧ વર્ષ અગાઉ શપથ લીધા ત્યારે દેશ દુનિયાની ૧૧મી અર્થવ્યવસ્થા હતો. આજે ૧૧ વર્ષ પછી ભારત દુનિયાની ચોથી મોટી અર્થવ્યવસ્થા બની ગયો છે.

પ્રધાનમંત્રીશ્રીએ ૧૯૭૧ના યુદ્ધની વાતને યાદ કરીને જણાવ્યું હતું કે, ભારત પાકિસ્તાન વચ્ચેના યુદ્ધમાં કચ્છની સરહદ પરના




વાયુ સેનાના રન -વે ને ખૂબ જ નુકસાન થયું હતું, ત્યારે માધાપરની મહિલાઓએ બૉમ્બમારા વચ્ચે માત્ર ૭૨ કલાકના ટૂંકા સમયમાં રન-વે તૈયાર કરી દીધો હતો. જે રન-વે પરથી ઉડાન ભરી ભારતીય વાયુ સેનાએ પાકિસ્તાનને યુદ્ધમાં પછડાટ આપી હતી. આજે મને એ મહિલાઓના આશીર્વાદ મળ્યા છે. તેમણે મને સિંદૂરનો છોડ અર્પણ કર્યો છે, જે છોડ થકી આજે કચ્છની અંદર સિંદૂર વનનું પણ નિર્માણ કરવામાં આવશે. ભારતની લડાઈ સરહદ પારના આતંકવાદ અને તેને પ્રોત્સાહન આપનારા સામે છે.

આ અવસરે ઑપરેશન સિંદૂરની જ્વલંત સફળતા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશની સેનાને અભિનંદન પાઠવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે, આતંકવાદ સામે ઝીરો ટોલરેન્સની નીતિ અપનાવી આગવું ખમીર ઝળકાવનારા વડાપ્રધાનશ્રી ઑપરેશન સિંદૂરની સફળતા પછી પહેલીવાર ગુજરાત પધાર્યા છે. તેઓ દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા સાથે વિકાસની રાજનીતિથી નવા ભારતનું નિર્માણ કરવા સંકલ્પબદ્ધ છે.

ગુજરાતની સર્વગ્રાહી વિકાસગાથા વિશે વાત કરતાં વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાણી અને વીજળીને પાયામાં રાખીને વિકાસનું નવતર વિઝન આપ્યું છે. વિકાસ માટેની આ બે મુખ્ય બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરતાં, તેમણે સાતત્યપૂર્ણ વિકાસની જે પરંપરા વિકસાવી છે, તેમાં તેમણે ખાસ કરીને ગ્રીન ગ્રોથ-રિન્યૂએબલ



એનર્જીને પ્રાથમિકતા આપી છે. એક સમય હતો જ્યારે લોકો વાળુ કરવા ટાણે વીજળી મળે એવી માંગણી કરતા હતા. પરંતુ આજે 'જ્યોતિગ્રામ' યોજનાથી ગામેગામ ૨૪ કલાક થ્રી ફેઇઝ વીજળી પહોંચી છે. જ્યારે દુનિયામાં સોલર એનર્જી, ક્લાઇમેટ ચેન્જની માત્ર વાતો થતી ત્યારે તેમના નેતૃત્વમાં ગુજરાતે ક્લાઇમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ અને ચારણકામાં એશિયાનો તે સમયનો સૌથી મોટો સોલાર પાર્ક કાર્યરત કરી દીધો હતો. એટલું જ નહીં, દુનિયામાં જ્યારે સૌર ઊર્જા ટૅક્નોલૉજી પ્રારંભિક અવસ્થામાં હતી ત્યારે ગુજરાતે સૌથી પહેલાં સોલાર પૉલિસી- ૨૦૦૯ અપનાવીને સોલાર એનર્જીમાં ટૅક્નોલૉજીનો ઉપયોગ શરૂ કર્યો હતો.

રિન્યૂએબલ એનર્જીને વેગ આપવા આપણે સોલાર પૉલિસી, સોલાર વિન્ડ હાઇબ્રિડ પૉલિસી અને ગુજરાત રિન્યૂએબલ એનર્જી પૉલિસી-૨૦૨૩ પણ અપનાવી છે એમ કહેતાં વધુમાં તેમણે કહ્યું હતું કે, રિન્યૂએબલ એનર્જીના સ્રોતોના ઉપયોગને આ પૉલિસીથી નવી ગતિ મળી છે. ખાવડામાં ૩૭.૩૫ ગીગાવોટની ક્ષમતા સાથેનો સૌથી મોટો હાઇબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક આકાર પામી રહ્યો છે. સૌર અને પવન ઊર્જા સહિતનાં ક્ષેત્રોમાં ગુજરાતે જે ઇન્ફ્રાસ્ટ્રક્ચર વડાપ્રધાનશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વિકસાવ્યું છે તે દેશ માટે દિશાદર્શક બન્યું છે.

વડાપ્રધાનશ્રીને ઑપરેશન સિંદૂરની સફળતાનો શ્રેય આપતાં કેન્દ્રીય વીજ, આવાસ અને શહેરી બાબતોના મંત્રીશ્રી મનોહરલાલે જણાવ્યું હતું કે, આજે દેશના દરેક નાગરિકમાં ઑપરેશન સિંદૂરની સફળતાનો અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજે દેશમાં ગ્રીન

## કચ્છની ધરા પરથી

### રૂ.૨૩૨૬ કરોડના ૧૮ વિકાસ પ્રકલ્પો જનસમર્પિત

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ :**

- રૂ. ૧૨૫ કરોડના ખર્ચે જામનગરમાં ૨૨૦/૬૬ કે.વી. બબરજર સબસ્ટેશન
- રૂ. ૭૫ કરોડના ખર્ચે જામનગરમાં GETCOનું ૧૩૨/૬૬ કાનસુમરા સબસ્ટેશન
- રૂ. ૬૯ કરોડના ખર્ચે મોરબીમાં ૧૧ મેગાવૉટ સોલાર પીવી પ્રોજેક્ટ – જાંબુડિયા વીડી
- રૂ. ૫૯ કરોડના ખર્ચે કચ્છ જિલ્લાના મંજલમાં ૧૦ મેગાવૉટ સોલાર પીવી પ્રોજેક્ટ
- રૂ. ૨૦૯ કરોડના ખર્ચે કચ્છ જિલ્લાના લાકડિયા ખાતે ૩૫ મેગાવૉટ સોલાર પીવી પ્રોજેક્ટ
- રૂ. ૮૮૭ કરોડના જામનગર જિલ્લાના બબરઝરમાં ૨૧૦ મેગાવૉટ સોલાર પીવી પ્રોજેક્ટ
- રૂ. ૪૬ કરોડના ખર્ચે અમરેલી, જૂનાગઢ, ગીર-સોમનાથમાં ૬૬ કે.વી. HTLS ટ્રાન્સમિશન લાઇનો

**માર્ગ અને મકાન વિભાગ**

- રૂ. ૫૫ કરોડના ખર્ચે કચ્છમાં લાયજા- બાડા- માપર- મોડકુબા- લઠેડી-સાંધાણ-સુથરી રોડનું વિસ્તરણ અને મજબૂતીકરણ.
- રૂ. ૫૦ કરોડના ખર્ચે ભીરંડિયારી-હોડકો-ધોરડો ટેન્ટ સિટી માર્ગનું વિસ્તરણ અને મજબૂતીકરણ

**પાવરગ્રિડ**

- રૂ. ૧૮૬ કરોડના ખર્ચે બનાસકાંઠા-સાંખારી પ્રોજેક્ટ – ATC વધારવા માટે ટ્રાન્સમિશન નેટવર્ક વિસ્તાર



## રૂ. ૫૩ હજાર કરોડથી વધુનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત

**દીનદયાલ પોર્ટ ઑથોરિટી**

- રૂ. ૨૨૬ કરોડના ખર્ચે કંડલા ખાતે ઓઇલ જેટી નં. ૮
- રૂ. ૭૭ કરોડના ખર્ચે કંડલામાં કાર્ગો જેટી વિસ્તારમાં ડોમ અને ટ્રાન્ઝિટ સ્ટોરેજ ગોડાઉન્સ
- રૂ. ૭૫ કરોડના ખર્ચે આદિપુરથી કાર્ગો બર્થ ૧૬ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૪૧ સુધી વધારાની રોડ કનેક્ટિવિટી
- રૂ. ૧૦૦ કરોડના ખર્ચે કંડલામાં EXIM કાર્ગોના સ્ટોરેજ માટે પોર્ટ વિસ્તારનું વિસ્તરણ
- રૂ. ૪૧ કરોડના ખર્ચે ટુના-ટેકરા ખાતે કન્ટેનર ટર્મિનલ માટે કોમન કનેક્ટિવિટી
- રૂ. ૬.૫ કરોડના ખર્ચે ગોપાલપુરીની પોર્ટ કૉલોનીમાં ડી ટાઇપ ક્વાર્ટર્સ
- રૂ. ૬.૫ કરોડના ખર્ચે ગાંધીધામની ડી.પી.એ. પ્રશાસનિક કચેરીમાં સેંટર ઓફ એક્સલન્સ

**ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ**

- રૂ. ૩૩ કરોડના ખર્ચે માતાના મઢ ખાતે મંદિર પરિસર, ખાટલા ભવાની, ચાચર કુંડ સહિતના વિસ્તારનો વિકાસ અને સુવિધાઓ

### રૂ. ૫૧૦૮૮ કરોડના ૧૫ વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત

**પાવરગ્રીડ:**

- રૂ. ૩૫૦૦૦ કરોડના ખર્ચે ખાવડા નવનિર્મિત રિન્યૂએબલ એનર્જી ઝોનમાંથી વીજ પુરવઠા માટે ૮૦૦ કે.વી. HVDC પ્રોજેક્ટ
- રૂ. ૪૨૦૦ કરોડના ખર્ચે ખાવડા રિન્યૂએબલ પાર્કમાંથી વધારાની ૭ GW વીજ પુરવઠા માટે ટ્રાન્સમિશન સિસ્ટિમ

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

- રૂ. ૩૫૦ કરોડના ખર્ચે કચ્છ : ૪૦૦/૨૦૦ કે.વી. મેવાસા સબસ્ટેશન
- રૂ. ૩૯૦ કરોડના ખર્ચે અમદાવાદ : ૪૦૦/૨૦૦ કે.વી. ધોલેરા-૨ સબસ્ટેશન
- રૂ. ૮,૮૫૦ કરોડના ખર્ચે તાપી : ૮૦૦ મેગાવોટ અલ્ટ્રા સુપર ક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટ યુનિટ, ઉકાઈ
- રૂ. ૩૯૩ કરોડના ખર્ચે તાપી : ઉકાઈ ખાતે કોલ હેન્ડલિંગ પ્લાન્ટ માટે નવા માર્શલિંગ યાર્ડનું રિમૉડેલિંગ
- રૂ. ૮૫ કરોડના ખર્ચે મહિસાગર : કડાણા હાઈડ્રો ઇલેક્ટ્રિક પ્લાન્ટના ૬૦ મેગાવોટ યુનિટ માટે પમ્પ મોડ ઑપરેશનલાઈઝેશન
- રૂ. ૨૪૭ કરોડના ખર્ચે કચ્છના ગાંધીધામ શહેરમાં વાવાઝોડા પ્રતિરોધક અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ નેટવર્ક

**માર્ગ અને મકાન વિભાગ**

- રૂ. ૪૩ કરોડના ખર્ચે કચ્છમાં પલાસવા- ભીમસર- હમીરપુર-ફતેગઢ સીસી રોડ નિર્માણ
- રૂ. ૪૦ કરોડના ખર્ચે કચ્છમાં કોટડા-બિટ્ટા રોડનું મજબૂતીકરણ
- રૂ. ૭૧૮ કરોડના ખર્ચે ભુજથી નખત્રાણા સુધી ચાર લેન હાઇ સ્પીડ કૉરિડોર

**દીનદયાલ પોર્ટ ઑથોરિટી**

- રૂ. ૧૫૦ કરોડના ખર્ચે કંડલા ખાતે ૧૦ મેગાવૉટ ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન સુવિધાનું નિર્માણ
- રૂ. ૪૫૩ કરોડના ખર્ચે કંડલામાં ૩ રોડ ઓવરબ્રિજ (ROB) નું નિર્માણ અને ૬ લેન માર્ગોમાં સુધારો

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**

- રૂ. ૧૦૯ કરોડના ખર્ચે ધોળાવીરા ખાતે પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ

**પાણી પુરવઠા વિભાગ**

- રૂ. ૬૦ કરોડના ખર્ચે કચ્છના અબડાસામાં ગ્રૂપ ઇમ્પ્રૂવમેન્ટ વોટર સપ્લાય યોજના

ઊર્જાના ક્ષેત્રમાં કલ્પનાથી વધુ ઉત્તમ માળખાકીય સુવિધાઓ અને પ્રકલ્પોનું નિર્માણ થયું છે. માત્ર ગુજરાતમાં નહીં પરંતુ આજે સમગ્ર દેશમાં દરેક ક્ષેત્રમાં વિકાસ થયો છે. એક સમયે દેશમાં વીજળીની કટોકટી હતી, પરંતુ આજે દેશના દરેક ગામમાં ૨૨ થી ૨૪ કલાક વીજળી લોકોને મળી રહી છે. વિદ્યુત ક્ષેત્રે આજે થયેલાં લોકાર્પણ અને ખાતમુહૂર્તથી ગુજરાત મૉડેલના ગ્રીન એનર્જીના વિકાસની પ્રતીતિ સમગ્ર દેશને થઈ છે.

### કચ્છી માડુઓને હૈયે ઊમટ્યો હરખ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને કચ્છી માડુઓએ ભવ્યાતિભવ્ય સ્વાગત કરીને આવકાર્યા હતા. વડાપ્રધાનશ્રી ભુજ ઍરપોર્ટથી સીધા બપોરે હીલગાર્ડન રોડ પહોંચ્યા હતા. અહીંથી શરૂ થયેલા રોડ-શોમાં સ્વયંભૂ ઊમટેલાં કચ્છી ભાઈ-બહેનોએ કચ્છી પરંપરા અનુસાર, ઢોલ-નગારાં-શરણાઈના નાદ સાથે પુષ્પવર્ષા કરીને વડાપ્રધાનશ્રીને ઉમંગભેર વધાવ્યા હતા. રોડ-શોમાં લહેરાવાયેલા એક કિલોમીટર લાંબા ત્રિરંગાએ લોકોને દેશભક્તિના રંગે રંગી દીધા હતા. આ રોડ-શોમાં વિવિધ સમાજ, સંગઠન અને સંસ્થાઓએ કચ્છની ભાતીગળ સંસ્કૃતિ રજૂ કરી હતી.

આ પ્રસંગે નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, પ્રભારીમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.




# શહેરી વિકાસ@૨૦ વર્ષ :




મહાત્મા મંદિર – ગાંધીનગરથી કરેલો એક સંકલ્પ, જે શહેરી વિકાસને ઈમારતોની સરહદ પાર કરીને માનવીય સુવિધાઓ અને સમાજની સુખાકારી તરફ દોરી જાય છે. શહેરી વિકાસ એ ઇમારતોની ઊંચાઇમાં મપાતો નથી પરંતુ તે નાગરિકો સુધી પહોંચતી જનસુવિધાઓ, સમાજની સુખાકારીના સાચા પાયા પર નિર્માણ થાય છે.

વર્ષ ૨૦૦૫માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શહેરી વિકાસ વર્ષની શરૂઆત થઈ, એ સાથે ગુજરાતના નગરોમાં સ્માર્ટ પ્લાનિંગ, મજબૂત ગતિ અને આધુનિક કાર્યસંસ્કૃતિના એક નવા યુગનો આરંભ થયો. ૨૦ વર્ષની આ યાત્રા માત્ર એક ઉજવણી નથી, તે અડગ સંકલ્પ, જનસહભાગિતા અને વિકાસની અનોખી યશોગાથા છે. વડાપ્રધાનશ્રીએ ગુજરાતની મુલાકાતમાં







# શહેરી પરિવર્તનની પ્રેરક ગાથા

સુરક્ષા, આત્મનિર્ભરતા અને વિકાસના સંદેશને દૃઢ આત્મશ્રદ્ધા સાથે રજૂ કર્યો. તેમનું દરેક વાક્ય તેમના વિકસિત રાષ્ટ્રના સંકલ્પનાં દ્રષ્ટિકોણનું પ્રતિબિંબ છે.

ગાંધીનગરમાં શહેરી વિકાસ વર્ષનાં ૨૦ વર્ષની ઉજવણીમાં સંમેલિત વિશાળ જનમેદનનીને સંબોધતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, ગુજરાતની મુલાકાતમાં 'ઓપરેશન સિંદૂર'ની સફળતા અને નાગરિકોમાં સિંદૂરીયા સાગરથી લહેરાતા તિરંગા થકી જનજનમાં માતૃભૂમિ પ્રત્યેનો અપાર પ્રેમ જોવા મળ્યો હતો, આ દ્રશ્ય અભૂતપૂર્વ હતું. ઓપરેશન સિંદૂર અંતર્ગત માત્ર ૨૨ મિનિટમાં જ પાકિસ્તાનમાં આવેલા આતંકવાદીઓના નવ ઠેકાણા ધ્વસ્ત કર્યા અને આ તમામ કાર્યવાહી કેમેરાની સામે કરવામાં આવી હતી. પાકિસ્તાનની આયોજનબદ્ધ રણનીતિનો જવાબ નવું ભારત તેની જ ભાષામાં આપશે.

છેલ્લા ૨૦ વર્ષમાં રાજ્ય સરકારના અનુભવનો સાર ગુજરાત મૉડેલ સ્વરૂપે આવનારી પેઢી માટે માર્ગદર્શક બની રહ્યો છે. તે ઉજ્જવળ ભવિષ્યનું નક્કી દિશા દર્શન છે, જેનો આનંદ વ્યક્ત કરીને વડાપ્રધાનશ્રીએ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

વડાપ્રધાનશ્રીએ શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંગે કહ્યું કે, અર્બન એરિયા એ દેશનું ગ્રોથ સેન્ટર છે, ત્યારે વિકસિત ભારતને સાકાર કરવા શહેરી વિસ્તારોને માત્ર વસવાટ માટે નહીં, પરંતુ સમૃદ્ધ





આર્થિક ગતિવિધિના કેન્દ્ર તરીકે વિકસાવવા અનિવાર્ય છે. લક્ષ્યાંક નક્કી કરીને એ મુજબ નવા ઉત્પાદનો અને ક્વૉલિટી વર્ક પર કામ કરીને વિકાસ સાધવો જોઇએ.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની ગતિવિધિમાં જનભાગીદારીને સક્રિયપણે જોડવાની બ્લૂ પ્રિન્ટ આપીને શહેરોને ઊર્જાવાન બનાવ્યા છે. આજે ગુજરાત શહેરી વિકાસ સહિત સર્વાંગી વિકાસનું રોલ મોડલ સ્ટેટ બન્યું છે.

આ પ્રસંગે કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટરે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન તરીકે તેમણે ગુજરાતની તર્જ પર શહેરી વિકાસને વેગવાન બનાવ્યો છે. દેશમાં ૧,૦૦૦ કિ.મી.થી વધુના મેટ્રો રેલ નેટવર્ક સાથે ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે પહોંચ્યું છે. દેશમાં હજુ પણ ૯૫૦ કિ.મી. જેટલા મેટ્રો રેલ નેટવર્કનું કામ પ્રગતિ હેઠળ છે, જે પૂર્ણ થતાં સૌથી લાંબા મેટ્રો નેટવર્કની શ્રેણીમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે પહોંચશે.

આ સમારોહમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, ગુજરાત સરકારના મંત્રી સર્વશ્રી કનુભાઈ દેસાઈ, ઋષિકેશભાઈ પટેલ, શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી બલવંતસિંહ રાજપુત, શ્રી કુંવરજીભાઈ બાવળીયા, શ્રી મુળુભાઇ બેરા, શ્રી કુબેરભાઈ ડીંડોર, શ્રીમતી ભાનુબહેન બાબરીયા, હર્ષભાઈ સંઘવી, જગદીશભાઈ વિશ્વકર્મા ઉપરાંત સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયેલા મહત્ત્વના વિકાસ કાર્યો

| ક્રમાંક | ક્ષેત્ર / યોજના | વિકાસકાર્ય | ખર્ચ (₹ કરોડ) | નોંધનીય વિગત |
|---|---|---|---|---|
| ૧ | પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) | લોકાર્પણ | ₹૧,૦૦૬ કરોડના | ૨૨,૦૦૦થી વધુ રહેણાંક એકમો |
| ૨ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના | ચેક વિતરણ | ₹૩,૩૦૦ | ૧૭ મ્યુ. કોર્પોરેશન (₹૨,૭૩૧ Cr) + ૧૪૯ નગરપાલિકા (₹૫૬૯ Cr) |
| ૩ | સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૩, અમદાવાદ | ખાતમુહૂર્ત | ₹૧,૦૦૦ કરોડ | નવો નદીકાંઠાનો વિકાસ |
| ૪ | શહેરી વિકાસ વિભાગ –૫ શહેરો | લોકાર્પણ | ₹૧,૪૪૭ | જામનગર, સુરત, અમદાવાદ, ગાંધીનગર, જૂનાગઢ |
| ૫ | જળ સંસાધન વિભાગ | લોકાર્પણ / ખાતમુહૂર્ત | ₹૧,૮૬૦ કરોડથી વધુ | વિવિધ સિંચાઇના વિકાસ કાર્ય |
| ૬ | બાયોડાયવર્સિટી પાર્ક, સુરત | લોકાર્પણ | ₹૧૪૫ કરોડ | કાંકરા-ખાડીના કિનારે |
| ૭ | માર્ગ અને મકાન વિભાગ | લોકાર્પણ / ખાતમુહૂર્ત | ₹૧૭૦ કરોડ | માર્ગ અને ઇન્ફ્રા માટેના વિવિધ કાર્ય |
| ૮ | થરાદ-ધાનેરા અને દિયોદર-લાખણી પાઇપલાઇન | ખાતમુહૂર્ત | ₹૧,૫૬૬ | બનાસકાંઠામાં પાઇપલાઇન યોજનાઓ |
| ૯ | યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ, ગાંધીનગર | લોકાર્પણ | ₹૮૪ કરોડ | કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર |
| ૧૦ | ચેપી રોગ માટે OPD/IPD બ્લોક, અમદાવાદ | ખાતમુહૂર્ત | ₹૫૮૮ કરોડ | ૧૮૦૦ બેડ IPD અને ૫૦૦ બેડ OPD બ્લોક |







# પ્રચંડ જનશક્તિ,અનેરા ઉત્સાહ અને દેશભક્તિના રંગે રંગાયું ગાંધીનગર

ઑપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ પ્રથમ વખત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પાટનગરના મહેમાન બન્યા હતા. તેમના સ્વાગત સન્માનમાં યોજાયેલી સિંદૂર સન્માન યાત્રામાં હજારો મહિલાઓએ ઑપરેશન સિંદૂર બદલ વડાપ્રધાનશ્રીનું સ્વાગત અભિવાદન કરી તેમને સહર્ષ આવકાર્યા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલી આ સન્માન યાત્રામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા કેન્દ્રીય મંત્રી શ્રી સી.આર પાટીલ પણ જોડાયા હતા.

રોડ શો સ્વરૂપની સિંદૂર સન્માન યાત્રાના રૂટ પર પ્રચંડ નારીશક્તિ, દેશભક્તિનાં ગીતો, તિરંગો, વિવિધ ઝાંખીઓ, સાંસ્કૃતિક કૃતિઓ, ભારતીય સેનાનાં શસ્ત્રોની પ્રતિકૃતિઓએ વાતાવરણને ઊર્જાવાન અને મનમોહક બનાવી દેતા આ યાત્રા મહા ઉત્સવમાં પરિણમી હતી. સ્વર્ણિમ પાર્ક એટલે કે અભિલેખાગાર ભવનથી મહાત્મા મંદિર સુધી યોજાયેલા આ દોઢથી બે કિલોમીટરના રોડ શો દરમિયાન વડાપ્રધાનશ્રીની એક ઝલક જોવા માટે નગરજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. અંદાજે દોઢથી બે કિલોમીટરના ભવ્ય રોડ શોમાં વિવિધ ૧૫ સ્ટેજ પર દેશપ્રેમની થીમ આધારિત અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરતા હોર્ડિંગ્સ, તિરંગો, બ્રહ્મોસ મિસાઇલ અને રાફેલ વિમાનોના ટેબ્લો, દેશભક્તિનાં ગીતો, ભારતીય સેનાના શૌર્યને બિરદાવતાં પ્લે કાર્ડ/બેનરોના પરિણામે સમગ્ર વાતાવરણ દેશભક્તિ અને રાષ્ટ્રપ્રથમની ભાવનાથી ઓતપ્રોત બન્યું હતું. વિવિધ ધર્મ, સમાજ, વર્ગો તેમજ સંસ્થાઓના લોકો સાથે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પણ આ રોડ શોના સ્વાગત કાર્યક્રમમાં સહભાગી થયા હતા.











### સહકારથી સમૃદ્ધિ

# આવો, 'વિકસિત ભારતમાં સહકારની ભૂમિકા' સૂત્રને સાર્થક કરીએ

***દેશના ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહનો વતનપ્રેમ ખૂબ જાણીતો છે. ગૃહમંત્રીશ્રીની પ્રત્યેક મુલાકાત ગુજરાતના વિકાસના રંગોને વધુ ને વધુ વિસ્તારતી રહી છે. તાજેતરની ગૃહમંત્રીશ્રીની મુલાકાત દરમિયાન પણ અમદાવાદ ગાંધીનગર અને મહેસાણાને વિવિધ વિકાસકાર્યોની ભેટ મળી હતી. તદુપરાંત તેમની અધ્યક્ષતામાં સહકાર સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.***

## અમદાવાદમાં 'ગુજરાત સહકારી મહાસંમેલન-૨૦૨૫'

અમદાવાદ ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા સહકારી મહાસંમેલન-૨૦૨૫ યોજાયું હતું, જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી શાહે જણાવ્યું, કે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વર્ષ- ૨૦૨૫ની આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે આજે પણ સહકાર ક્ષેત્ર વર્ષ ૧૯૦૦માં હતું, એટલું જ પ્રાસંગિક છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સહકારી ચળવળને પુનર્જીવિત કરવાનો સમય આવ્યો છે, ત્યારે 'સહકારથી સમૃદ્ધિ' અને 'વિકસિત ભારતમાં સહકારની ભૂમિકા' સૂત્રને સાર્થક કરવા ગામડાની પ્રાથમિક સહકારી મંડળીઓને મજબૂત બનાવવી આવશ્યક છે. ગુજરાતમાં શ્રી ત્રિભુવનભાઈ પટેલના નામથી ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની શરૂઆત કરવામાં આવી છે, જેનાથી સહકારી શિક્ષણ ક્ષેત્રે ગુજરાત લીડ લેશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. વર્ષ-૨૦૨૯ સુધીમાં દરેક ગ્રામ પંચાયત











## લોકાર્પિત થયેલાં વિકાસકાર્યો

રૂ. ૩૯૪ કરોડના ખર્ચે ૩૪ પ્રજાલક્ષી વિકાસકાર્યોનાં લોકાર્પણમાં આવાસ ડ્રોનો સમાવેશ ઉપરાંત રૂ. ૧૭૦ કરોડના ખર્ચે હાઉસિંગ પ્રોજેક્ટ, રૂ. ૧૧૬ કરોડના ખર્ચે બ્રિજ પ્રોજેક્ટ, રૂ. ૮૬ કરોડના ખર્ચે વોટર પ્રોજેક્ટ તથા ડ્રેનેજ પ્રોજેક્ટ, રૂ. ૧૭ કરોડના ખર્ચે અર્બન હેલ્થ સેન્ટર, શ્રમિક સુવિધા કેન્દ્ર અને આંગણવાડી પ્રોજેક્ટ તેમજ રૂ. ૫ કરોડના ખર્ચે ગાર્ડન અને કળાઓ પ્રોજેક્ટનાં લોકાર્પણનો સમાવેશ થાય છે.



વિસ્તારમાં પ્રાઇમરી ઍગ્રિકલ્ચરલ ક્રેડિટ સોસાયટી-PACS રજિસ્ટર કરી બે લાખ જેટલી પ્રાથમિક સહકારી મંડળીઓ શરૂ કરવાનું આયોજન છે. એટલું જ નહીં, તેના વિકાસ માટેની નીતિ પણ ઘડવામાં આવશે. આ પ્રાથમિક સહકારી મંડળીઓ પ્રાકૃતિક ખેતીની સમજ પણ આપશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સહકારી મહાસંમેલનમાં ગૌરવપૂર્વક જણાવ્યું હતું કે, 'ઓપરેશન સિંદૂર' દ્વારા ભારતીય સેનાએ પોતાના શૌર્ય થકી તિરંગાની શાન વધારી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેનાથી લઈને સહકાર સુધી નાનામાં નાના લોકોને સાથે રાખીને ચાલવાની પરંપરા શરૂ કરાવી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં 'ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ'ની સ્થાપના કરવામાં આવી. ઉપરાંત, એક અલગ સહકાર મંત્રાલયની શરૂઆત પણ તેમના નેતૃત્વમાં જ કરવામાં આવી છે.

આ તકે, ઉપસ્થિત સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું કે આઝાદીનાં ૭૫ વર્ષ બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં અલાયદું સહકાર મંત્રાલય શરૂ કરવામાં આવ્યું છે ત્યારે રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ

## રૂ. ૧૧૯ કરોડનાં કાર્યોનું ખાતમુહૂર્ત

રૂ. ૫૭૯ કરોડના ખર્ચે બ્રિજ પ્રોજેક્ટ, રૂપિયા ૩૫૬ કરોડના ખર્ચે વોટર પ્રોજેક્ટ તથા ડ્રેનેજ પ્રોજેક્ટ, રૂ. ૨૨૨ કરોડના ખર્ચે વેજિટેબલ માર્કેટ, શ્રમ સુવિધા કેન્દ્ર, અમદાવાદ હાટ, ફૂડપાર્ક, સ્કૂલ પ્લે ગ્રાઉન્ડ, પાર્ટી પ્લોટ, મહિલા જિમ્નેશીયમ અને અર્બન હેલ્થ સેન્ટર પ્રોજેક્ટ તેમજ રૂ. ૪૨ કરોડના ખર્ચે ગાર્ડન અને તળાવ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.










પટેલના નેતૃત્વમાં ગામડાંનો છેવાડાનો માણસ પણ ગૌરવભેર જીવન જીવી શકે તે માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. આ તકે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સહકારી ક્ષેત્રની માર્ગદર્શિકા સમા ‘સહકાર સંકલ્પ’ પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

## રૂ.૧૫૯૩ કરોડનાં કુલ ૯૪ વિકાસકાર્યોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ શહેરમાં પલ્લવ બ્રિજના લોકાર્પણ સહિત અમદાવાદ મહાનગરપાલિકા તેમજ ગાંધીનગર લોકસભા વિસ્તારમાં અંદાજે રૂ.૧૫૯૩ કરોડના ખર્ચે નિર્માણ પામનારાં કુલ ૯૪ પ્રજાલક્ષી વિકાસકાર્યોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યાં હતાં. અમદાવાદના પલ્લવ ચાર રસ્તા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તથા અમદાવાદનાં મેયર શ્રી પ્રતિભાબહેન જૈન પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, 'એક નાગરિક એક વૃક્ષ'નો સંકલ્પ લઈએ તો અમદાવાદમાં ગ્લોબલ વોર્મિંગની અસર અડધા કરતાં ઓછી થઈ જાય. અમદાવાદના ૧૫થી ૨૫ વર્ષના યુવાનો જો વડાપ્રધાનશ્રીના ‘એક પેડ માં કે નામ’ અંતર્ગત વૃક્ષ વાવીને ઉછેરે તો પોતાની માતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા ઉપરાંત તેઓ ધરતીમાતાનું ઋણ પણ ચૂકવી શકે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈના નેતૃત્વમાં વિકાસને સતત પ્રાધાન્ય અપાયું છે. આજનો અમદાવાદ મહાનગરનો વિકાસ ઉત્સવ એ જ દિશામાં વધુ એક કદમ છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે

વિકાસની રાજનીતિ શરૂ કરી હતી, તેના પાયા પર આજે અમદાવાદનાં નગરજનોને આ ભેટ મળી છે.

પોતાની સ્કિલ અને મહેનતના બળે લોકો રોજગારી મેળવી શકે તેવા ઉદ્દેશ સાથે ગ્રામોદ્યોગની વિવિધ યોજનાઓ હેઠળ મશીનરી અને ટૂલકિટ વિતરણ કરવામાં આવ્યું. આ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૭૦૦ યુવાનોને નિમણૂકપત્ર એનાયત કરવામાં આવ્યા. નિમણૂક મેળવનારા યુવાનોને મુખ્યમંત્રીશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવી નિમણૂક પામેલા ૭૦૦થી વધુ જુનિયર ક્લાર્કને નિમણૂકપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

## ગોઝારિયામાં નર્સિંગ કૉલેજનું ઉદ્ઘાટન

મહેસાણા જિલ્લાના ગોઝારિયા ખાતે શ્રીમતી સમરથબહેન ચૂનીલાલ અને શેઠ શ્રી ડોસાભાઇ માધવજી સાર્વજનિક હૉસ્પિટલ ગોઝારિયા દ્વારા સંચાલિત શ્રી કે.કે.પટેલ અને શ્રીમતી મધુબહેન પટેલ નર્સિંગ કૉલેજનો ઉદ્ઘાટન સમારોહ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. તેમણે જણાવ્યું હતું કે, દેશમાં નૅશનલ ડિજિટલ હેલ્થ ઇકો સિસ્ટિમ, આયુષ્માન મંદિરથી આરોગ્યની સુખાકારીમાં વધારો થયો છે, જેમાં ૭ એઇમ્સથી આજે ૨૩ એઇમ્સ, મેડિકલ કૉલેજ ૩૮૭ થી વધીને ૭૮૦ થઈ છે, જેનાથી ભૂતકાળમાં ૫૧ હજાર ડૉક્ટરો પદવી મેળવતા હતા આજે ૧,૧૮,૦૦૦ ડૉક્ટરો દેશને મળી રહ્યા છે.

## ગાંધીનગરમાં રૂ. ૭૦૮ કરોડનાં વિકાસકાર્યોની વણઝાર

ગાંધીનગર લોકસભાના સાંસદની રૂએ ગૃહમંત્રીશ્રીના હસ્તે ગાંધીનગર શહેર અને જિલ્લામાં અંદાજે રૂ. ૭૦૮ કરોડનાં વિવિધ વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં કોલવડા ખાતે આયોજિત કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રૂ. ૨૦૦.૯૪ કરોડના ખર્ચે વિવિધ લોકાર્પણ તેમજ રૂ. ૩૫૨.૭૬ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા વહિવટી તંત્ર દ્વારા રૂ. ૪૫.૭૦ કરોડ તેમજ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા રૂ.૧૦૭.૮૫ કરોડના ખર્ચે લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં.

ગૃહમંત્રીશ્રીએ ગાંધીનગર જિલ્લા વહિવટી તંત્ર દ્વારા રૂ. ૪૫.૭૦ કરોડના ખર્ચે કુલ ૧૬ કામોનું ઇ-લોકાર્પણ તથા ખાતમુહૂર્ત તેમજ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા રૂ. ૮.૦૨ કરોડના ખર્ચે સરઢવ, પીપળજ, ઉવારસદ, શેરથા, પુન્દ્રાસણ, શાહપુર, લેકાવાડા તથા આલમપુર ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ડ્રેનેજના લોકાર્પણ સહિત કુલ રૂ.૧૦૭.૮૫ કરોડનાં કાર્યોના લોકાર્પણ - ખાતમુહૂર્ત કર્યાં હતાં. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ભારતીય પોસ્ટ વિભાગની વિવિધ યોજનાઓનો પાંચ લાભાર્થીઓને પ્રતીકાત્મક રૂપે લાભ આપવામાં આવ્યો હતો.



## સાણંદમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

**ભારતીય સેનાના અપ્રતિમ સાહસ, શૌર્ય અને પરાક્રમ 'ઓપરેશન સિંદૂર'ને બિરદાવવા દેશભરમાં તિરંગા યાત્રાઓ યોજાઈ. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં અમદાવાદના સાણંદ ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પણ આ તિરંગા યાત્રામાં જોડાયા હતા. તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવતા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે નળ સરોવર ચોકડીથી એકલિંગજી રોડ પર આવેલા મહારાણા પ્રતાપ સ્ટેચ્યૂ સુધી પદયાત્રા કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ યુવાનો અને ગ્રામજનોના ઉત્સાહને આવકાર્યો હતો. તિરંગા યાત્રામાં અમદાવાદ જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના શિક્ષકો તથા અધિકારીઓ/કર્મચારીઓ ૬૮૦ મીટર લાંબા ધ્વજ સાથે જોડાયા હતા.**

# વિઠલાપુરમાં હોન્ડાનો વિશ્વનો સૌથી મોટો ઓટોમોબાઈલ પ્લાન્ટ બનશે




અમદાવાદના વિઠલાપુર સ્થિત હોન્ડા મોટરસાઇકલ કંપનીએ વૈશ્વિક સ્તરે ૫૦ કરોડ યુનિટ ઉત્પાદનની અને ભારતમાં ૭ કરોડ યુનિટ ઉત્પાદનની માઈલસ્ટોન સિદ્ધિ હાંસલ કરી છે, જેના ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હોન્ડાનો ચોથો પ્લાન્ટ શરૂ થતાં તે વિશ્વનો સૌથી મોટો ઓટોમોબાઇલ પ્લાન્ટ બનશે અને વધુ રોજગારનું સર્જન થશે તેમ કહ્યું હતું. તેમની ઉપસ્થિતિમાં હોન્ડા કંપની દ્વારા ગુજરાત પોલીસને સીબી-૩૫૦ મૉડલની ૫૦ ક્યૂઆરટી મોટરસાઇકલ અર્પણ કરાઈ હતી.

આજથી બે-અઢી દાયકા પહેલાં ગુજરાતમાં ઓટોમોબાઇલ ક્ષેત્રની કોઈ ચર્ચા જ નહોતી. વર્ષ ૨૦૦૧માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકેનું સેવાદાયિત્વ સંભાળ્યું એ પછી રાજ્યમાં તમામ ક્ષેત્રોની જેમ ઓટોમોબાઇલ ક્ષેત્રમાં પણ ઇકોસિસ્ટિમ વિકાસાવી છે. એક સમયે આ વિસ્તારમાં જ્યાં વિકાસની કોઈ સંભાવના નહોતી, એવો આ માંડલ - બેચરાજી - વિઠલાપુરનો વિસ્તાર આજે ઓટોમોબાઇલ હબ બન્યો છે. તેના મૂળમાં વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશિપ છે.

ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ-જીડીપીની સાથે જીઇપી-ગ્રોસ એમ્પાવરમેન્ટ ઓફ પીપલ આધારિત વિકાસ જરૂરી છે, તેના માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ગુજરાત આજે મેન્યુફેક્ચરિંગ, સેમિકન્ડક્ટર અને ગ્રીન હાઇડ્રોજન સહિત ઇ-મોબિલિટી જેવા ઊભરતાં ક્ષેત્રોનું હબ બની રહ્યું છે. આના કારણે રોજગાર સર્જન અને અન્ય નાના-મોટા ઉદ્યોગોના વિકાસથી GEPની નેમ પાર પડશે. વાયબ્રન્ટ ગુજરાત સમિટની પ્રથમ શ્રેણીથી જ જાપાન ગુજરાતના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભાગીદાર રહ્યું છે, વિઠલાપુર ખાતે હોન્ડાનો ચોથો પ્લાન્ટ શરૂ થતાં આ પ્લાન્ટ વિશ્વનો સૌથી મોટો ઓટોમોબાઇલ પ્લાન્ટ બનશે, જેનાથી ૧૮૦૦ જેટલી નવી રોજગારીનું સર્જન થશે. તેની સાથે આ પ્લાન્ટ મહત્ત્વના નિકાસકાર તરીકે ઊભરી આવશે.



## 'અપના ઘર' આશ્રમનું લોકાર્પણ

***મહેસાણાના ઉમતા ગામે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રી કમલા સંધ્યા 'અપના ઘર' આશ્રમનું લોકાર્પણ કરાયું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "કમલા સંધ્યા અપના ઘર" સંસ્થા એવા લોકોની સેવા કરે છે જે માનસિક-શારીરિક દિવ્યાંગ છે. આ પ્રકારની સંસ્થાથી પ્રધાનમંત્રીશ્રીના અભિગમ "દિવ્યાંગ દરિદ્ર નારાયણની સેવા" સાકાર થઈ રહી છે. આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'અપના ઘર ' આશ્રમમાં ૨૦૦થી વધુ પુરુષ અને ૧૦૦ મહિલા રહી શકે તેવી હૉસ્પિટલ સહિતની સુવિધાઓ છે. કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.***

# અવિરત વિકાસના પંથે – તામ્રનગરી વીસનગર



જનજનના સર્વગ્રાહી સશક્તીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરી કેન્દ્ર-રાજ્ય સરકારે જનકેન્દ્રી વિકાસને નવું જોમ પૂરું પાડ્યું છે. આયોજનથી અમલ સુધીના તબક્કે રાજ્ય સરકાર અન્ય રાજ્યની સરખામણીએ શિરમોર સાબિત થઈ છે. નાનાં શહેરોમાં વિશ્વકક્ષાની સુવિધા આપવાના રાજ્ય સરકારના ધ્યેયને તામ્રનગરી વીસનગરવાસીઓએ પ્રત્યક્ષ અનુભવ્યું.

અવિરત વિકાસના પંથે ડગ માંડતી તામ્રનગરી વીસનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સિવિલ હૉસ્પિટલ વીસનગર, તાલુકા પંચાયત તથા વીસનગર નગરપાલિકાની નવનિર્મિત બિલ્ડિંગના લોકાર્પણ સહિત રૂ.૪૯૫ કરોડથી વધુનાં વિવિધ વિકાસકાર્યોનાં લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કરવામાં આવ્યાં હતાં. જેમાં રૂ.૪૨૩ કરોડથી વધુનાં ૭૬ વિકાસકાર્યોનાં ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત તેમજ રૂ.૭૨ કરોડથી વધુનાં ૧૮ વિકાસ કાર્યોનાં લોકાર્પણનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ત્રણ દિવસમાં ગુજરાતમાં ૨૮૦૦ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ થયું છે. પ્રજાની સુખાકારી માટે આવાં વિકાસકામો થતાં હોય ત્યારે પ્રજાએ પણ તેમાં સહભાગી બનવું જોઈએ. રાજ્યમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે રૂ.૧૦૨૦ કરોડના "ગરવી ગુજરાત હાઇસ્પીડ કૉરિડોર" પ્રૉજેક્ટને પ્રોત્સાહન આપ્યું છે.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વીસનગરના નાગરિકોને પીવાનું પાણી, રોડ રસ્તા, શિક્ષણ, લાઇબ્રેરી, સેમિનાર હૉલ, કોમ્યુનિટી હૉલ, શાળાના ઓરડા, ઓવરબ્રિજ જેવી માળખાકીય સુવિધાઓ મળી રહે તે માટે સરકાર પ્રયાસો કરી રહી છે. જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ગામડાનાં લોકોને પાયાની સુવિધા મળી રહે તેમજ ગ્રામીણ વિકાસને વેગવંતો બનાવવા માટે રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે.



## વીસનગરને મળેલી વિકાસભેટ

વીસનગરને એક જ દિવસમાં અમૂલ્ય વિકાસભેટ મળી. આરોગ્યની સુખાકારી માટે રૂ.૩૦ કરોડના ખર્ચે હૉસ્પિટલ બિલ્ડિંગ, રૂ.૬.૭૦ કરોડના ખર્ચે નગરપાલિકા બિલ્ડિંગ તેમજ રૂ.૪.૪૭ કરોડના ખર્ચે તાલુકા પંચાયત બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વીસનગર નગરપાલિકા દ્વારા રૂ.૧૮.૮૭ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ અને રૂ.૧૦.૧૨ કરોડનાં વિકાસકામો તેમજ માર્ગ અને મકાન વિભાગ પંચાયત અને રાજ્ય દ્વારા રૂ.૪૦૭ કરોડનાં વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.



## ઘાટલોડિયામાં વિશાળ તિરંગા યાત્રા

ભારતીય સેનાના અપ્રતિમ શૌર્ય અને પરાક્રમના પ્રતીક ઑપરેશન સિંદૂરને સન્માનિત કરવા અમદાવાદના ઘાટલોડિયામાં વિશાળ તિરંગા યાત્રા, બાઇક રેલીમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. લપકામણ ગામથી પ્રારંભ થયેલી આ રેલી અદાણી શાંતિગ્રામ સુધી પહોંચી હતી. જે દરમિયાન રાષ્ટ્રભક્તિનાં અનોખાં દૃશ્યો સર્જાયાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ રેલીમાં સહભાગી થઈને યુવાનો અને ગ્રામજનોમાં રાષ્ટ્રપ્રેમનો સંચાર કર્યો હતો. ખુલ્લી જીપમાં સવાર થઈને તેમણે સમગ્ર રૂટ દરમિયાન ગ્રામજનોનું ઉષ્માભર્યું અભિવાદન ઝીલ્યું હતું. લપકામણ, લીલાપુર, ખોડિયાર અને આસપાસનાં ગામોના સેંકડો યુવાનોએ ઉત્સાહભેર આ બાઇક રેલીમાં ભાગ લીધો હતો.

## ભાવનગરમાં તિરંગાયાત્રા

ભાવનગરમાં કેન્દ્રિય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણીયાની ઉપસ્થિતિમાં મોતીબાગ ટાઉનહૉલથી શહીદ સ્મારક સુધી ભવ્ય તિરંગાયાત્રા યોજાઈ હતી. આ યાત્રામાં નાગરિકો, વિવિધ સંસ્થાના આગેવાનો, એન.સી.સી., સી.આર.પી.એફ. અને પોલીસના જવાનો તેમજ આર્મી, નેવી, ઍરફોર્સના જવાનો જોડાયાં હતાં.






## મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે એર માર્શલ શ્રી નગેશ કપૂર

*ગાંધીનગરમાં ઇન્ડિયન એરફોર્સના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ ઇન ચીફ એર માર્શલ શ્રી નગેશ કપૂરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. એર માર્શલ શ્રી નગેશ કપૂરે તાજેતરમાં ગાંધીનગર સ્થિત SWAC ખાતે એર ઓફિસર કમાન્ડિંગ ઇન ચીફનો કાર્યભાર સંભાળ્યો છે. તેઓએ શુભેચ્છા મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રીને ભારતીય વાયુ સેનાનું સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું હતું.*

# ગેસ, વોટર અને ઇલેક્ટ્રિસિટી ગ્રીડથી સજ્જ ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય




ઊર્જાક્ષેત્રે આત્મનિર્ભર બનવા ગુજરાત સરકારે રિન્યૂએબલ એનર્જી પર ભાર મૂક્યો છે. રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે નવા સાહકોને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર વિવિધ આયોજન કરી રહી છે, જેના સુંદર પરિણામ મળી રહ્યાં છે. અમદાવાદમાં RE-NETWORK ૨૦૨૫(રિ-નેટવર્ક ૨૦૨૫)નો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત દેશનું એકમાત્ર એવું રાજ્ય છે જે ગેસ ગ્રીડ, વોટર ગ્રીડ અને ઇલેક્ટ્રિસિટી ગ્રીડથી સજ્જ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ન્યૂ એજ રિન્યૂએબલ એનર્જી પર હંમેશાં ભાર મૂક્યો છે. જ્યારે દેશ-દુનિયા રિન્યૂએબલ એનર્જી અને ગ્રીન ક્લીન એનર્જીની વાતો કરતી હતી. તાજેતરમાં 'ધ ફ્યુચર ટુગેધર' થીમ સાથે યોજાઈ રહેલાં RE-NETWORK ૨૦૨૫(રિ-નેટવર્ક ૨૦૨૫) એક્સ્પો જેવાં આયોજનો રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ મંત્ર'ને સાર્થક કરે છે. સોલાર, વિન્ડ, બાયોમાસ, ગ્રીન હાઇડ્રોજન અને એનર્જી સ્ટોરેજમાં નવી ટૅકનોલૉજી સાથે એડવાન્સમેન્ટ માટેનો ગુજરાત ફેડરેશન ઓફ સોલાર ઇન્ડસ્ટ્રીઝ (GFSI)નો નવતર અભિગમ પ્રશંસનીય છે.

વર્ષ ૨૦૦૧માં રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા ૮૭૫૦ મેગાવોટ હતી, જે અત્યારે ૫૩,૦૦૦ મેગાવોટ થઈ છે. રાજ્યની કુલ સ્થાપિત વીજ ક્ષમતાના ૫૫% ક્ષમતા રિન્યૂએબલ એનર્જી પૂરા પાડે છે. મોઢેરા દેશનું સૌપ્રથમ સોલાર વિલેજ બન્યું છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ૨૦૦૯માં રાજ્ય એ દેશની સૌપ્રથમ સૌર ઊર્જા નીતિ રજૂ કરી હતી. એ જ નીતિ પર સમયાંતરે જરૂરી સુધારા સાથે આગળ વધતા રાજ્યમાં નવી રિન્યૂએબલ એનર્જી પૉલિસી ૨૦૨૩ પણ બનાવવામાં આવી છે. વર્ષ ૨૦૭૦ સુધીમાં ભારતને નેટ ઝીરો કાર્બન એમિશન દેશ બનાવવાનો તેમનો સંકલ્પ છે. પીએમ સૂર્યઘર યોજના અંતર્ગત રાજ્યમાં ૩.૩૬ લાખ ઘરો સોલાર રૂફટોપથી સજ્જ છે. દેશભરમાં સોલાર રૂફટોપ બાબતે ગુજરાત ટોચ પર છે.

રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે વિવિધ સ્ટેકહોલ્ડર્સને સાથે લાવીને આ નવીન ક્ષેત્રે ઇકોસિસ્ટિમને મજબૂત કરવાની દિશામાં આ ઇવેન્ટ ખૂબ મહત્ત્વની સાબિત થશે. પીએમ સૂર્ય ઘર યોજના જેવી યોજનાઓ દ્વારા આજે લોકો રિન્યૂએબલ એનર્જી સાથે જોડાઈ રહ્યાં છે. આ કાર્યક્રમમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા ઉપસ્થિતિ રહ્યાં હતા. આ એક્સપોમાં ૧૨૦થી વધુ એક્ઝિબિટર્સ, ૧૫થી વધુ વક્તાઓ સહિત ૨૫ હજારથી વધુ લોકો સામેલ થયાં હતાં.



## આરોગ્ય મંત્રીશ્રીને માતૃશોક : રાજ્યપાલ અને મુખ્યમંત્રીશ્રીની શ્રદ્ધાંજલિ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના માતૃશ્રી કમળાબહેનના નિધન અંગે મંત્રીશ્રી સહિત શોકગ્રસ્ત પરિજનોને સાંત્વના પાઠવી દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સ્વ. કમળાબહેનને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીની સાથે સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સાસંદ શ્રી હરીભાઇ પટેલ, ધારાસભ્ય સર્વેશ્રી મુકેશભાઈ પટેલ, કિરીટભાઇ પટેલ આ દુ:ખની ઘડીમાં સહભાગી બન્યા હતા.

# વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા ICAR અને રાજ્યના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વૈજ્ઞાનિકો, કૃષિ યુનિવર્સિટીઓના તજજ્ઞોના સહયોગથી વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનની દેશભરમાં શરૂઆત કરવામાં આવી છે. વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો આણંદ કૃષિ યુનિવર્સિટીથી રાજ્યવ્યાપી પ્રારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો હતો. તેમણે ખેડૂતોને વિવિધ સહાય કીટનું પ્રતીકરૂપે વિતરણ પણ કર્યું હતું.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન કૃષિ ઉત્પાદન વધારીને ખેડૂતોની આત્મનિર્ભરતા અને સ્વદેશીને પ્રોત્સાહન આપનારી આગવી પહેલ બનશે. ગુજરાતમાં આ અભિયાન અંતર્ગત ૨૩૫ તાલુકાઓના ૨૯૫૧ ક્લસ્ટર થકી ૩.૫૦ લાખથી વધુ ખેડૂતો સુધી સીધા પહોંચવાનું વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન દરમિયાન રાજ્યના ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને ૪ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, કૃષિ તજજ્ઞો, કૃષિ વિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો ગામડે-ગામડે ફરીને ખેડૂતોની મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ, આધુનિક અને જલવાયુ પરિવર્તન અનુરૂપ ખેત પદ્ધતિ, નવા સંશોધિત બિયારણો, નેનો ફર્ટિલાઇઝર, સોઇલ હેલ્થ કાર્ડના ઉપયોગ ઉપરાંત જરૂરિયાત પૂરતો જ ખાતરનો ઉપયોગ કરવા જેવી કૃષિલક્ષી જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત ખેડૂતોને કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂતો હિતલક્ષી સહાય યોજનાઓ અંગે પણ માહિતગાર કરવામાં આવશે.

# કોગ્નિઝન્ટ-ઇન્ડિયા કંપનીના ટેક-ફિન ડિલિવરી સેન્ટરનો શુભારંભ

ગુજરાત સર્વ પ્રકારે આદર્શ રાજ્યની વિભાવનાને સાકાર કરે તે માટે રાજ્ય સરકારે દૂરોગામી આયોજન કર્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પથદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દરરોજ નવીનતમ પહેલો, અભિયાનો અને લક્ષ્યાંકો જાહેર કરીને જનભાગીદારી થકી વિકસિત ગુજરાતની નેમને સાકાર કરવા માટે પ્રયાસ કરી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગિફ્ટ સિટીમાં કોગ્નિઝન્ટ-ઇન્ડિયા કંપનીના ટેક-ફિન ડિલિવરી સેન્ટરનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશિપના પરિણામે ભારત ખૂબ જ ઝડપથી વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે અને જ્ઞાન આધારિત અર્થતંત્રનું નેતૃત્વ કરવા સજ્જ છે.



વડાપ્રધાનશ્રીના વિઝન અને મિશનમાં અગ્રેસર રહેવાનો ગુજરાતનો ટ્રેક રેકોર્ડ છે. ભારતને વિશ્વના સોફ્ટપાવર લીડર અને નોલેજ બેઝ્ડ ઇકોનોમી બેય ક્ષેત્રોમાં અગ્રેસર બનાવવામાં પણ ગુજરાત લીડ લઈ રહ્યું છે. રાજ્યમાં એ.આઇ. આધારિત ઇકોસિસ્ટિમ ઊભી થાય અને એ.આઇ. આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગિફ્ટ સિટીમાં એ.આઇ. સેન્ટર ઓફ એક્સેલન્સની શરૂઆત કરીને રાજ્યમાં નવાં સોલ્યુશન્સ માટે, નિષ્ણાતો, વ્યવસાયો અને સ્ટાર્ટઅપ્સને એકસાથે લાવવાનું એક સુદૃઢ પ્લેટફોર્મ તૈયાર કર્યું છે.



### પ્રવાસનની ક્ષિતિજોને વિસ્તારતો

# 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'

પ્રવાસન એ વિવિધ સંસ્કૃતિ અને પરંપરાઓથી પરિચિત થવાનો શ્રેષ્ઠ માર્ગ છે. ટૅક્નોલૉજી અને આધુનિક પરિવહનને પરિણામે હવે પૃથ્વીના એક છેડેથી કોઈ પણ ખ્યાતનામ પ્રવાસન સ્થળે પહોંચવું ઘણું સરળ અને સહજ બન્યું છે. ગુજરાત રાજ્ય પણ દિનપ્રતિદિન પ્રવાસન ક્ષેત્રે સતત પોતાની ક્ષિતિજો વિસ્તારી રહ્યું છે. સ્ટેચ્યૂ ઑફ યુનિટી, સફેદ રણ જેવાં અનેક ગુજરાતી પ્રવાસન સ્થળો હવે વૈશ્વિક પ્રવાસીઓનાં પ્રિય બની રહ્યાં છે. આ જ હારમાળામાં વધુ એક પ્રવાસન સ્થળનો ઉમેરો થયો છે. તે સ્થળ છે ધરોઈ ડેમ. મહેસાણાની ધરોઈ ડેમ સાઇટ પર 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નો શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો હતો. દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'ના શુભારંભની સાથોસાથ મુખ્યમંત્રીશ્રીએ એડવેન્ચર ઝોનનું ઉદઘાટન કર્યું હતું તથા તેમણે સ્પીડ બોટ રાઇડનો આનંદ પણ માણ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને મહાનુભાવો સાથે એડવેન્ચર ઍક્ટિવિટી સ્થળની મુલાકાત લઈને પેરા મોટરિંગ સહિતની રાઇડસ પણ નિહાળી હતી અને ટેન્ટસિટીનું ઉદ્‌ઘાટન કરીને તેની મુલાકાત લીધી હતી.

ધરોઈ ડેમ રિજિયન ડેવલપમેન્ટ સમગ્રતયા ત્રણ ફેઝમાં સાકાર થશે અને સ્પિરિચ્યુઅલ, એડવેન્ચર્સ, ઇકો અને રિક્રિએશનલ એક્ટિવિટીઝથી પ્રવાસન પ્રવૃત્તિને વેગ તેમજ સ્થાનિક રોજગારી સાથે વોકલ ફોર લોકલનો ધ્યેય પણ પાર પડશે. આ ધરોઈ એડવેન્ચર ફેસ્ટ અંદાજિત ૪૫ દિવસ સુધી ચાલશે અને ફેસ્ટિવલમાં લેન્ડ, વોટર અને એર બેઝ્ડ એડવેન્ચર એક્ટિવિટીઝ પ્રવાસીઓને માણવા મળશે. પ્રવાસીઓને રહેવા માટે ધરોઈ ટેન્ટ સિટીનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં કુલ ૨૧ વિવિધ પ્રકારના ટેન્ટ તેમજ અંદાજિત ૧૦૦થી વધુ બેડની એસી ડોર્મેટરી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે.



## એડ્વેન્ચર ફેસ્ટનાં આકર્ષણો

- જમીન, પાણી અને આકાશમાં રોમાંચક અનુભવો સાથેની ૧૦થી વધુ સાહસિક પ્રવૃત્તિઓ
- રહેવા માટે અતિ આધુનિક સુવિધાઓયુક્ત AC ટેન્ટ સહિત ૨૧ ટેન્ટ સાથેનું ટેન્ટસિટી - સાંસ્કૃતિક કાર્યક્રમો
- પાવર બોટ અને પેરાસેઇલિંગ જેવી પાણીમાં થતી એક્ટિવિટીઝ
- સ્ટાર ગેઝિંગ અને ખગોળશાસ્ત્ર શિબિર, નેચર વોક અને ફોટોગ્રાફી ટૂર
- પેરામોટરિંગ, હોટ એર બલૂન જેવી એક્ટિવિટી
- રોક ક્લાઈમ્બિંગ અને બોલ્ડરિંગ, ટ્રેકિંગ અને હાઈકિંગ ટ્રેલ્સ, માઉન્ટેન બાઇકિંગ, સાઇકલિંગ, કેમ્પિન્ગ જેવી પ્રવૃત્તિઓ
- અંદાજિત ૧૦૦થી વધુ બેડની AC ડોર્મિટરી તેમજ જમવા માટે આધુનિક ડાઇનિંગ હૉલની સુવિધાઓ
- તાત્કાલિક આરોગ્ય સુવિધાઓ, સર્ટિફાઇડ રાઈડ, આકસ્મિક આગ સામે સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ



## ‘ગુજરાતની સિંહ-સમૃદ્ધિ’

# ૧૬મી સિંહ વસતી અંદાજમાં સાવજની સંખ્યા ૮૯૧ થઈ

**સાવજ ગરજે !**
**વનરાવનનો રાજા ગરજે**
**ગીરકાંઠાનો કેસરી ગરજે**
**ઐરાવતકુળનો અરિ ગરજે**
**કડ્યપાતળિયો જોદ્ધો ગરજે**
**મોં ફાડી માતેલો ગરજે**
**જાણે કો' જોગંદર ગરજે**
**નાનો એવો સમદર ગરજે !**

- ઝવેરચંદ મેઘાણી

પ્રવાસનમાં શિરમોર એવું ગીર ગુજરાતનું ગૌરવ છે, જ્યાં ડાલામથ્થા સિંહની ડણક ગાજે છે. ગીરકાંઠાનો રાજા, એશિયાટિક લાયનનું આશ્રયસ્થાન ગીરનું જનજીવન સિંહોના અસ્તિત્વ સાથે વણાઈ ગયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં યોજવામાં આવેલી ૧૬મી સિંહ વસતી અંદાજના આંકડાઓની ગૌરવપૂર્ણ જાહેરાત વનમંત્રી શ્રી મુળુભાઈ બેરા, રાજ્ય વનમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસની ઉપસ્થિતિમાં કરી હતી. ૧૬મી સિંહ વસતી ગણતરીમાં સિંહોની સમૃદ્ધિ માટેના રાજ્ય વનવિભાગના અનુભવો અને આકલનને સંપુટ સ્વરૂપે રજૂ કરતી પુસ્તિકાનું મુખ્યમંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ વિમોચન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સિંહોની સંખ્યા ૮૯૧ની થઈ છે. જેમાં ૧૯૬ નર, ૩૩૦ માદા તથા પાઠડાં બાળ સિંહ મળીને સમગ્રતયા ૮૯૧ સિંહોની સંખ્યા આ ૧૬મી વસ્તી અંદાજના આંકડાઓમાં સામે આવી છે. રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે ડાઇરેક્ટ બીટ વેરિફિકેશન એટલે કે બ્લોક કાઉન્ટ પદ્ધતિથી સિંહની વસ્તી અંદાજની કામગીરી હાથ ધરવામાં આવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં સિંહ વસ્તી અંદાજની અગાઉની પરંપરાગત પદ્ધતિને બદલીને ટોટલ કાઉન્ટ બાય ડાઇરેક્ટ સાઇટિંગ એટ બ્લોક સિસ્ટિમ પદ્ધતિથી કરાવી હતી. વડાપ્રધાનશ્રીએ ૭૪મા સ્વતંત્રતા દિવસે સિંહોના લાંબાગાળાનાં સંરક્ષણ અને સંવર્ધન માટે પ્રોજેક્ટ લાયનની કરેલી જાહેરાત અન્વયે તાજેતરમાં નેશનલ વાઇલ્ડ લાઇફ બોર્ડની ગુજરાતમાં યોજાયેલી બેઠકમાં પ્રોજેક્ટ લાયન ૨૦૪૭ના ભવિષ્યલક્ષી આયોજન અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

સિંહજતન, સંવર્ધન અને સંરક્ષણ માટે વડાપ્રધાનશ્રીની પ્રતિબદ્ધતા આ પ્રોજેક્ટ લાયન ૨૦૪૭ વધુ સંગીન રીતે સાકાર કરશે તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ભૌગોલિક પરિસ્થિતિ અને આબોહવાની દૃષ્ટિએ જ નહીં વન્ય પ્રાણી સંરક્ષણના સરકારના કાળજીભર્યા સાતત્યપૂર્ણ અભિગમથી જ સિંહનું સંખ્યાબળ ઉત્તરોત્તર વધ્યું છે.

### સૌપ્રથમ વસ્તી ગણતરી વર્ષ ૧૯૩૬માં

રાજ્યમાં સૌપ્રથમ વર્ષ ૧૯૩૬માં સિંહ વસ્તી ગણતરી યોજાઈ હતી. પ્રાપ્ત અંદાજિત આંકડા મુજબ વર્ષ ૧૯૯૫માં પુખ્ત નર, માદા, પાઠડાં-બચ્ચાં એમ મળીને કુલ ૩૦૪ જેટલા સિંહ નોંધાયાં હતાં.

### ડાઇરેક્ટ બીટ વેરિફિકેશન પદ્ધતિ

એશિયાઈ સિંહોની વસ્તી અંદાજ માટે ‘ડાઇરેક્ટ બીટ વેરિફિકેશન’ ખૂબ ઉપયોગી પદ્ધતિ છે. આ પદ્ધતિથી આંકડાકીય વિશ્લેષણ અને અમલીકરણમાં સરળતાના લીધે લગભગ ૧૦૦ ટકા ચોકસાઈ મળે છે. ત્રણ દાયકા કરતાં પણ વધુ સમયથી અમલી આ પદ્ધતિ જંગલો, ઘાસનાં મેદાનો, દરિયાકાંઠાના વિસ્તારો, રેવન્યૂ વિસ્તારોમાં અસરકારક અને અનુકૂળ રીતે કામ કરે છે.

સમગ્ર વિસ્તારને રિજિયન, ઝોન, સબ ઝોન જેવા શ્રેણીબદ્ધ એકમોમાં વિભાજિત કરીને રિજિનલ, ઝોનલ અને સબ-ઝોનલ અધિકારીઓ, ગણતરીકારો, મદદનીશ ગણતરીકારો, નિરીક્ષકો સહિત લગભગ ૩,૦૦૦ જેટલા સ્વયંસેવકો સહિત કુલ



૩,૮૫૪ની ફોજ દ્વારા સિંહોની વસ્તી-ગણતરી કરવામાં આવી છે. તેમને સિંહોની નોંધ અને ચકાસણી કરવા માટે નિયત પત્રકો અને તેમને સોંપાયેલ વિસ્તારોના નકશા આપવામાં આવ્યા હતા.

### મૉડર્ન ટૅકનોલૉજીનો ઉપયોગ

સિંહોની વ્યક્તિગત ઓળખ કરવા માટે હાઈ રેઝોલ્યુશન કૅમેરા, કૅમેરા ટ્રેપ્સ જેવાં વિવિધ ટૅકનૉલૉજિકલ સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો. કેટલાક સિંહોને રેડિયો કોલર પહેરાવવામાં આવ્યા છે, જે તે સિંહ તેમજ તેના ગ્રૂપનું લોકેશન મેળવવામાં મદદ કરે છે. સિંહ અવલોકનના રિયલ ટાઇમ ડેટા એન્ટ્રી કરવામાં મદદરૂપ થાય તે માટે e-GujForest એપ્લિકેશનનો ઉપયોગ પણ કરવામાં કરવામાં આવ્યો છે.


### પ્રોજેક્ટ લાયન હેઠળ મહત્ત્વની પહેલો

- **વન્યજીવોનું આરોગ્ય :** ભારત સરકારે વન્યજીવના આરોગ્ય માટે જૂનાગઢ જિલ્લાના નવા પિપળીયા ખાતે નૅશનલ રેફરલ સેન્ટરને મંજૂરી આપી છે. આ માટે ૨૦.૨૪ હેક્ટર જમીનની ફાળવણી કરવામાં આવી છે અને હાલમાં સેન્ટરની બાઉન્ડ્રી બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- **હાઇ-ટેક મોનિટરિંગ :** સાસણ ખાતે ગીર વિસ્તારના વન્ય પ્રાણીઓના મોનિટરિંગ માટે એક હાઇ-ટેક મોનિટરિંગ સેન્ટર તેમજ વેટરનરી હૉસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- **વ્યાપક જન ભાગીદારી :** 'વિશ્વ સિંહ દિવસ' નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં યોજાયેલા જાગૃતિ કાર્યક્રમોમાં ૧૧,૦૦૦થી વધુ સંસ્થાઓ અને આશરે ૧૮.૬૩ લાખ વિદ્યાર્થીઓ અને લોકો જોડાયા હતા.
- **રેલવે સલામતી માટેનાં પગલાં :** બૃહદ ગીર વિસ્તારમાં આવેલી રેલવે લાઇનો પર સિંહની અવર-જવરના કારણે સંભવિત અકસ્માત નિવારવા માટે રેલવે સાથે એસ.ઓ.પી. (SOP)ની રચના કરવામાં આવી છે, જેના લીધે અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

'પ્રોજેક્ટ લાયન' ભારતમાં વન્યજીવ સંરક્ષણ માટે એક ઐતિહાસિક પહેલ છે. આ પહેલ હેઠળ ગુજરાત એશિયાઈ સિંહોના કાયમી અસ્તિત્વ અને તેમની સુખાકારીને સુનિશ્ચિત કરી રહ્યું છે, જે વન્યજીવ સંરક્ષણમાં વૈશ્વિક સ્તરે ભારતનું સ્થાન મજબૂત બનાવશે. સાથોસાથ રાજ્યના વનવિભાગના સુનિયોજિત પગલાંઓથી પણ સિંહોની સંખ્યામાં અભિવૃદ્ધિ જોવા મળી છે. આમ, પશુ, પંખી અને માનવીના સહઅસ્તિત્વને જાળવી રાખવા તેમજ પ્રકૃતિ જતન માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. જે હાઈટેક્ સિંહ વસ્તી ગણતરી અંદાજ તેમજ સિંહોની વધેલી સંખ્યા પરથી પુરવાર થયું છે.

### ગીરના સાવજોની સંખ્યા ૯૦૦ની નજીક

- ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાઓના ૩૫ હજાર ચોરસ કિ.મી. વિસ્તારમાં ગણતરી
- મૉડર્ન ટૅકનોલૉજીનો સઘન ઉપયોગ, ડાઇરેક્ટ બીટ વેરિફિકેશન - બ્લૉક કાઉન્ટ પદ્ધતિનો ઉપયોગ
- સ્થાનિક ગ્રામ પંચાયતોના સરપંચો - ગ્રામજનો - અગ્રણીઓ અને વન કર્મીઓ સહિત કુલ ૩,૮૫૪ માનવબળની સામેલગીરી




# દ્વારકાનો દરિયાકાંઠો બન્યો લીલા અને ઓલિવ રીડલી કાચબાનું 'પિયર'

**વૈશાલી રાવલીયા**

દરિયાઈ જીવ સૃષ્ટિના ઢાલબદ્ધ સભ્ય એવા કાચબાનું મહાત્મ્ય માત્ર જૈવિક સંપદા રૂપે જ નહીં, પૌરાણિક કથાઓમાં પણ છે. શાસ્ત્રોમાં પણ ભગવાન વિષ્ણુએ બીજો અવતાર કુર્મ એટલે કે કાચબાના રૂપમાં લીધો હતો.

ભારતના દરિયામાં કાચબાની કુલ ૫ પ્રજાતિ અને ગુજરાતના દરિયામાં ૪ પ્રજાતિ જોવા મળે છે. દરિયાઈ કાચબાના ઉછેર માટે દ્વારકા જિલ્લામાં બે સ્થળો ઓખામઢી (જૂની) તેમજ નાવદ્રા ખાતે હેચરી આવેલી છે. ઓખામઢી ખાતે વર્ષ ૨૦૧૨થી વર્ષ ૨૦૨૫ સુધીમાં અંદાજિત ૮૦ હજાર કાચબાનો ઉછેર કરી સમુદ્રમાં છોડવામાં આવ્યા છે. દ્વારકાના દરિયાકાંઠે "લીલા કાચબા" અને "ઓલીવ રીડલી કાચબા"ની મોટા પ્રમાણમાં વસાહત રહેલી છે.







રેન્જ ફોરેસ્ટ ઑફિસર શ્રી નીલેશ બેલાના જણાવ્યા અનુસાર દરિયાઈ કાચબાઓ રહસ્યમય છે. જેનું કારણ છે કે, તે કોચલામાંથી બહાર નીકળી સમુદ્રમાં પહોંચી પુખ્ત બને તે ઘટનાચક્ર વિશે આપણે ઘણું ઓછું જાણીએ છીએ. એવું માનવામાં આવે છે કે જે સ્થળે જન્મ થયો હોય તે જ કાંઠે માદા પુખ્ત બન્યા પછી ફરી ઇંડા મૂકે છે. ફક્ત માદા કાચબા સપ્ટેમ્બરથી લઇ એપ્રિલ સુધીમાં ઈંડાં મૂકવા ધરતી પર આવે છે. દેવભૂમિ દ્વારકાના ઓખાથી લઈ હર્ષદ સુધીના દરિયાકાંઠાના વિસ્તારમાં માદા કાચબા ઈંડાં મૂકવા આવે છે. તેઓ દરિયાકાંઠે રેતીમાં ખાડો ખોદી તેમાં ૮૦થી ૧૬૦ ઈંડાં મૂકી તેને રેતીથી ઢાંકી દે છે. આ ઈંડાંને સુરક્ષિત રાખવા માટે તેને વન વિભાગના કર્મચારીઓ ઓખાથી લઈ હર્ષદ સુધી દરરોજ સવારે આવા દરિયાઈ વિસ્તારની રેતીને ફંફોળીને ખાડામાંથી સલામતી સાથે ઈંડાંને એક પાત્રમાં ભરીને કાચબા ઉછેર કેન્દ્ર ઓખામઢી તેમજ નાવદ્રાની હેચરી ખાતે પહોંચાડે છે. કૃત્રિમ માળામાં આ ઈંડાંને ૪૫ થી ૬૦ દિવસ સુધી રાખવામાં આવે છે. લીલા કાચબાના ઈંડાંને હેચિંગ કરવાની ખાસ જરૂર રહેતી નથી. ખરા અર્થમાં દ્વારકા જિલ્લાનો દરિયાકાંઠો લીલા અને ઓલિવ રીડલી કાચબાનું 'પિયર' બન્યો છે.

ઉલ્લેખનીય છે કે, કાચબાઓ તરફ લોકોનું ધ્યાન દોરવા અને લોકોમાં તેના રક્ષણ અને વિકાસમાં મદદરૂપ થવાની ભાવના ઉત્પન્ન કરવાના ઉમદા ઉદેશ્ય સાથે દર વર્ષે ૨૩ મેના રોજ "વિશ્વ કાચબા દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે.



# રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડથી દૈનિક ૩૨૦ કરોડ લીટર પાણીનું વિતરણ

ઉનાળા દરમિયાન રાજ્યના દરેક પરિવાર, દરેક નાગરિક સુધી પીવા માટેનું પૂરતું પાણી મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સુદૃઢ આયોજન કરવામાં આવ્યું છે. જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા અને રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ "રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ" અંતર્ગત કુલ ૩,૨૫૦ કિ.મી બલ્ક પાઇપલાઈન અને ૧.૨૦ લાખ કિ.મીથી વધુ લંબાઇની પાણી વિતરણ પાઇપલાઇન દ્વારા રાજ્યનાં ૧૫,૭૨૦થી વધુ ગામો અને ૨૫૧ શહેરી વિસ્તારોને દૈનિક ૩૨૦ કરોડ લીટર પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે.





ગુજરાતનાં ૧૫,૭૨૦ ગામોને ૩૭૨ જૂથ પાણી પુરવઠા યોજના મારફતે સરફેસ સોર્સ આધારિત બલ્ક પાઇપલાઇન તેમજ નવીન-સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાઓ હેઠળ પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જ્યારે, બાકીનાં ૨,૪૩૨ ગામોને સ્થાનિક સોર્સ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના મારફતે પાણી પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. બાકીનાં તમામ ગામોને પણ જૂથ યોજનામાં આવરી લેવામાં આવ્યાં છે, જેનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. જૂથ યોજના મારફત ગ્રામીણ વિસ્તારોમાં ૭૪ જેટલા ડેમમાં પીવા માટે પાણીનો જથ્થો આરક્ષિત રાખવામાં આવ્યો છે.

રાજ્યમાં પીવાના પાણીની સંભવિત મુશ્કેલીવાળાં ગામોનો સર્વે કરવામાં આવ્યો છે. આ ગામોમાં ઉનાળામાં મુશ્કેલી ન થાય તે માટે જરૂરી આયોજનના ભાગરૂપે વર્ગ-૧ તથા વર્ગ-૨ના અધિકારીઓ દ્વારા મુશ્કેલીવાળાં ગામોને દત્તક લેવામાં આવ્યાં છે. આ અધિકારીઓ દ્વારા વિવિધ માધ્યમોથી ગામમાં પાણીની જરૂરિયાત અંગેનું સઘન મોનિટરિંગ કરવામાં આવે છે.

## પાણી સંબંધિત સમસ્યાના નિવારણ માટે કોલસેન્ટર "જલસંપર્ક"

પાણી પુરવઠા સંબંધિત ફરિયાદોના નિવારણ માટે "ગ્રીવેન્સ રિડ્રેસલ સિસ્ટિમ" કાર્યરત છે. જે અંતર્ગત ગાંધીનગર ખાતે ૨૪x૭ કલાકનો કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે, જેમાં ૧૯૧૬ ટોલ ફ્રી નંબરથી પીવાના પાણીને લગતી તમામ ફરિયાદો નોંધવામાં આવે છે. આ ઉપરાંત પાણી પુરવઠા બોર્ડની વડી કચેરી ખાતે પ્રોએક્ટિવ કોલસેન્ટર "જલસંપર્ક" કાર્યરત કરવામાં આવ્યું છે. આ કોલ સેન્ટરના માધ્યમથી અત્યાર સુધીમાં ૫૨,૦૦૦થી વધુ લોકોનો સંપર્ક કરવામાં આવ્યો હતો, જે પૈકી ૯૯.૫૦ ટકા લોકોના હકારાત્મક પ્રતિભાવ મળ્યા છે.

ગ્રામીણ કક્ષાએ પાઇપલાઇન લીકેજ સહિતની મરામત અને નિભાવણીની કામગીરી સુચારુરૂપે થાય તે માટે અત્યાર સુધીમાં કુલ ૧૩,૭૦૦ ઓપરેટર, સંરપચ, રીસોર્સ પર્સનને તાલીમ આપવામાં આવી છે. દરેક જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને તથા કલેકટરશ્રીઓને તેમના જિલ્લાની પીવાના પાણીને લગતી પરિસ્થિતિ તેમજ ફરિયાદો અંગે નિયમિત સમીક્ષા કરવા જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની નિયમિત બેઠક થાય તે મુજબ સૂચન પણ કરવામાં આવે છે.



## દિવ્યાંગ તરણવીર ગરિમા વ્યાસની સિદ્ધિને બિરદાવતા CM

*સ્પેશિયલ ખેલ મહાકુંભની તૃતીય આવૃત્તિની તરણ સ્પર્ધામાં બે ગોલ્ડ મેળવનારી વડોદરાની દિવ્યાંગ ખેલાડી શ્રી ગરિમા વ્યાસની આ સિદ્ધિ બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી શુભેચ્છા પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ પાઠવેલા શુભેચ્છાપત્રમાં જણાવાયું છે કે, વડાપ્રધાનશ્રીએ પ્રયોજેલો 'દિવ્યાંગ' શબ્દ આપ જેવા પ્રતિભા સંપન્ન, અડગ મનોબળ ધરાવતા પરિશ્રમી વ્યક્તિઓ દ્વારા સાર્થક, સિદ્ધ થતો જોઈને આનંદ થાય છે. તંદુરસ્ત વ્યક્તિઓને માટે પણ કઠિન એવી સફળતા પ્રાપ્ત કરી ગરિમાબેને અલગ ચીલો ચાતર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં વર્ષ ૨૦૧૦થી "ખેલ મહાકુંભ"નો શુભારંભ કરાવ્યો હતો. વર્તમાન સરકાર પણ આ પરંપરાને પ્રતિબદ્ધતા સાથે નિભાવી રહી છે. જેના પરિણામે યુવાનોને પોતાના રમતગમતનું કૌશલ્ય દર્શાવવાના ઉત્તમ અવસરો પ્રાપ્ત થઈ રહ્યા છે.*

# સંરક્ષણમંત્રીશ્રી રાજનાથ સિંહ કચ્છની મુલાકાતે



ગુજરાતના કચ્છ જિલ્લાના ભુજિયા ડુંગર પર આવેલું સ્મૃતિવન મ્યુઝિયમ વર્ષ ૨૦૦૧ના ગુજરાત ધરતીકંપનાં પીડિતોને સમર્પિત એક સ્મારક ઉદ્યાન અને સંગ્રહાલય છે. દેશના સંરક્ષણમંત્રી શ્રી રાજનાથ સિંહે ભુજના સ્મૃતિવન મ્યુઝિયમ એન્ડ મેમોરિયલની મુલાકાત લઈને ભૂકંપનાં દિવંતગોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અને ભૂકંપનાં દિવંગતોની યાદમાં નિર્મિત સ્મૃતિવન મેમોરિયલની મુલાકાત દરમિયાન ભારતના સંરક્ષણમંત્રીશ્રીએ જીવસૃષ્ટિની ઉત્પતિ, માનવજીવનો ક્રમિક વિકાસ, દુનિયાની ઉત્પત્તિથી માંડીને કુદરતી આપદાઓ, આફતો સામેની ભવિષ્યની તૈયારીઓ વિશેની વિગતો મેળવી હતી. આ ઉપરાંત ઐતિહાસિક હડપ્પન વસાહતો, ભૂકંપને લગતી વૈજ્ઞાનિક માહિતીના વિવિધ ચાર્ટ, મૉડલ નિહાળીને સંરક્ષણ મંત્રીશ્રી પ્રભાવિત થયા હતા. ઉપરાંત સ્મૃતિવન મ્યૂઝિયમમાં વિશેષ સિમ્યુલેટરની મદદથી ભૂકંપ આવે ત્યારે નિર્માણ થતી પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ સંરક્ષણ મંત્રીશ્રીએ મેળવ્યો હતો. ધીરજ, અવિરત હિંમતની માનવકથાઓ તેમજ ભૂકંપની આપદામાં બચી ગયેલાં લોકોનાં સંસ્મરણોની ગાથાઓ વિશે જાણીને કચ્છીજનોના ધૈર્ય અને હિંમતની સંરક્ષણમંત્રીશ્રીએ પ્રશંસા કરી હતી.

# ઘેડની નદી-કેનાલના સફાઇ કાર્યનો પ્રારંભ



કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા પ્રજાની સુખાકારીમાં વધારો થાય તે માટે વિવિધ વિકાસકામો હાથ ધરવામાં આવ્યાં છે. તાજેતરમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ કેશોદના બાલાગામ ખાતેથી વિવિધ પ્રજાલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. મંત્રીશ્રીએ કેશોદ અને માણાવદર તાલુકાના ઘેડ વિસ્તારની પસાર થતી નદીઓ અને કેનાલના રૂ. ૬૯૦ લાખના ખર્ચે સાફ સફાઈ અને ડિસીલ્ટિંગની કામગીરીનો પ્રારંભ કરાવ્યો હતો. ઉપરાંત કેશોદ તાલુકાની સુખ સુખાકારીમાં વધારો કરતા રૂ. ૯૬.૭૫ લાખના ૩૨ વિકાસકામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કર્યું. આ સાથે મંત્રીશ્રીએ બાલાગામ બામણાસા આખા ગામે રૂ. ૧૧ કરોડના ખર્ચે થનાર સીસી રોડ અને પ્રોટેક્શન વોલ અને રૂ. ૩.૪૦ કરોડના ખર્ચે થનાર દેશીંગા કટવાણા ચિખલોદ્રા રસ્તાનું વાઇડનિંગ તથા સીસી રોડ સહિતની કામગીરીને સૈદ્ધાંતિક મંજૂરી મળી હોવાની પણ જાહેરાત કરી હતી.

# ગભેણીમાં ૩૬ વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચરનું લોકાર્પણ



સુરતમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલના હસ્તે ગભેણી સ્થિત આશાપુરા માતાજી મંદિર પાસે નવનિર્મિત ૩૬ વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચરનું લોકાર્પણ કરાયું હતું. જળસંચય ક્ષેત્રે વડાપ્રધાનશ્રીના યોગદાન વિશે મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સરોવર યોજના સાથે રિવર લિંકિંગની કલ્પનાને સાકાર કરવાનો પ્રયાસ કર્યો. અટલજીના સહયોગથી નર્મદાનાં પાણીને સાબરમતી નદી સાથે જોડીને તેનાથી સૌરાષ્ટ્ર સુધી પાણી પહોંચાડવામાં આવ્યું. દેશના દરેક જિલ્લામાં ૭૫ તળાવોના નિર્માણથી જળસંચય અને વોટર હાર્વેસ્ટિંગને વેગ મળ્યો છે. સરકારે 'ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં' એ ભાવનાને જળસંચય પ્રવૃત્તિથી સાર્થક કરી છે.

# મહિલા સંમેલનમાં રૂ. ૪૮ લાખના ઇ-લોકાર્પણ




દેશના વિકાસનો આધારસ્તંભ સશક્ત અને સક્ષમ મહિલાઓ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે નારી શક્તિનું પોષણ અને સર્વાંગી વિકાસ સર્વોપરી છે. તેમણે "નારી શક્તિથી રાષ્ટ્ર નિર્માણ" ના દૃઢ નિશ્ચયને સાર્થક કરવાની શરૂઆત ગુજરાતથી કરી હતી. તેમના આ દૃઢ સંકલ્પને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાના હેતુથી ગાંધીનગર ખાતે મહિલા અને બાળવિકાસ મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયાના અધ્યક્ષસ્થાને "મહિલા સંમેલન"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે રૂ. ૪૮ લાખના ખર્ચે નિર્માણ પામનાર સખી વન સ્ટોપ સેન્ટર ખેડાનું ઇ-લોકાર્પણ અને GSPCના CSR ભંડોળ હેઠળ લાઇટ ગેજ સ્ટીલ ફ્રેમ ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને દાહોદ, કરાઈ અને ખટામ ખાતે બનાવેલી ત્રણ આંગણવાડીનું ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આંગણવાડીઓમાં નાનાં ભૂલકાંઓને ગમ્મત સાથે જ્ઞાન તથા પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. બાળકોના પાયાના શિક્ષણને મજબૂત બનાવવામાં મુખ્યસેવિકા, આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર બહેનોનો સિંહફાળો રહેલો છે. સુપોષિત ગુજરાત બનાવવાની દિશામાં દરેક આંગણવાડી કાર્યકરની મહત્ત્વની ભૂમિકા રહેલી છે.



**મુલાકાત :** વલસાડના પારનેરા પારડી ખાતે ઇન્ડિયન પોટાશ લિ. સંચાલિત વલસાડ શુગર ફેક્ટરીની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મુલાકાત લીધી હતી. મંત્રી શ્રીઓએ સહકાર વિભાગના ધારાધોરણ મુજબ ખેડૂતોને તેમની શેરડીના પિલાણના મહત્તમ ભાવો સમયમર્યાદામાં મળે માટે ચર્ચા કરી હતી.



**ખાતમુહૂર્ત :** જૂનાગઢના પાતાપુર ગામે રૂ. પાંચ કરોડના ખર્ચે નિર્માણ થનાર કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના બિલ્ડિંગનું કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ખાતમુહૂર્ત કર્યું હતું. આ વિદ્યાલયમાં ગરીબ, અનાથ, ડ્રોપઆઉટ સહિતની ૧૫૦ જેટલી દીકરીઓને અદ્યતન સુવિધાઓ સાથે તદ્દન નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. વિદ્યાલયને અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.



**શ્રમદાન :** 'સ્વચ્છ સાબરમતી મહાઅભિયાન' અંતર્ગત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત મહાઅભિયાનમાં જોડાયા હતા. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે તેમણે અમદાવાદમાં વલ્લભસદન પાસે સાબરમતી નદીના પટમાં ઊતરીને સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, લોકોએ સાબરમતી નદીની સ્વચ્છતામાં સહભાગી થવું જોઈએ, સાબરમતીની સ્વચ્છતાની જવાબદારી લેવી જોઈએ. સાબરમતીને સ્વચ્છ અને પવિત્ર રાખવાની આપણી સામૂહિક જવાબદારી છે.

**ચેકડેમ:** ગાંધીનગર તાલુકાનાં વિવિધ ગામોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થાય તે હેતુથી મેશ્વો અને ખારી નદી પર સરકાર દ્વારા રૂ. ૧૮.૦૭ કરોડના ખર્ચે કુલ ૬ ચેકડેમોનું નિર્માણ કરવામાં આવ્યું છે. દહેગામના ધારીસણા ગામ ખાતેથી જળસંપત્તિ અને પાણીપુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ નવનિર્મિત ૬ ચેકડેમોનું લોકાર્પણ કર્યું હતું. મંત્રીશ્રીએ ખારી નદી પર રૂ. ૨.૩૩ કરોડના ખર્ચે નવનિર્મિત ચેકડેમની મુલાકાત લઈ જાત નિરીક્ષણ પણ કર્યું હતું.



**શુભારંભ :** વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ ગીર ફાઉન્ડેશન ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન-ગાંધીનગર ખાતેથી "પ્લાસ્ટિક એકત્રીકરણ ઝુંબેશ"નો તેમજ "પ્લાસ્ટિક એકત્રીકરણ કેન્દ્ર"નો પણ શુભારંભ કરાવ્યો હતો. આ કેન્દ્ર ખાતે પ્લાસ્ટિક કચરો જમા કરાવનાર બાળકોને પ્રોત્સાહનરૂપે મંત્રીશ્રીના હસ્તે રિસાઇકલ કરેલા પ્લાસ્ટિકથી બનેલી ઉપયોગી ચીજ-વસ્તુઓ આપવામાં આવી હતી.





**પાઇલટ પ્રોજેક્ટ :** "સહકારથી સમૃદ્ધિ"ના વિઝનને પરિણામલક્ષી બનાવવા માટે ગુજરાતમાં વિઝનરી "કોઑપરેશન અમોન્ગસ ધ કોઑપરેટિવ" પાઇલટ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને પાઇલટ પ્રોજેક્ટના અમલીકરણની સમીક્ષા બેઠક યોજાઈ હતી.



**ટ્રેકિંગ રૂટ :** મહેસાણાના સતલાસણા તાલુકાના તારંગા ખાતે વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે તીર્થંકર વનની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ તારંગા તીર્થંકર વન સામેથી તારણ ધારણ માતાજીના મંદિર, ટીંબા સુધીના ટ્રેકિંગ રૂટનું ઉદ્ઘાટન કર્યું હતું તેમજ ધરોઈ રેન્જ વિસ્તારના રંગપુર ગઢ ખાતે વૃક્ષારોપણ કર્યું હતું.



**ઉદ્ઘાટન :** ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ અમદાવાદનાં બીમાર તથા ઘાયલ પશુ-પક્ષીઓની તાત્કાલિક સારવાર માટે મલ્ટિ સ્પેશિયાલિટી એમ્બ્યુલન્સ હૉસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું હતું તેમજ ડોગ શેલ્ટર હાઉસની મુલાકાત લઈ માહિતી મેળવી હતી. પ્રભાત એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આયોજિત વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે આયોજિત વિનામૂલ્યે સાધન સહાય કેમ્પમાં સહભાગી થયા હતા, જ્યાં તેમના હસ્તે 350થી વધુ દિવ્યાંગોને સાધન વિતરણ કરાયાં હતાં.

**સમીક્ષા :** નર્મદામાં રાજપીપલા ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહજી પરમારની અધ્યક્ષતામાં જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં નવા હાથ ધરાયેલાં અને પ્રગતિ હેઠળનાં વિકાસકામો ઝડપથી નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા સંબંધિત અમલીકરણ અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**બેઠક :** ભરૂચમાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળ અને ટ્રાઇબલ સબ-પ્લાન કચેરી હેઠળ આદિજાતિ વિકાસ મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં અંદાજિત રૂ.૧૦૭૮.૦૪ લાખથી વધુનાં કુલ ૫૧૦ વિકાસકામોના આયોજનને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.





# ગુજરાતનું આરોગ્ય ક્ષેત્ર ઉત્તરોત્તર પ્રગતિની રાહે...

*પ્રત્યેક સમાજના સર્વાંગીણ પાયાના વિકાસમાં મૂળભૂત જરૂરિયાત તરીકે શિક્ષણ અને આરોગ્યને વૈશ્વિક સ્વીકૃતિ પ્રાપ્ય છે. આરોગ્યક્ષેત્રના સર્વસમાવેશક વિકાસ માટે કર્તવ્યબદ્ધ આરોગ્યકર્મીઓ, સુવિધા સંપન્ન હૉસ્પિટલ અને અદ્યતન મશીનથી સુસજ્જ આંતરમાળખાકીય સવલતો, વિવિધ રોગ-બીમારીથી દૂર રહેવા યોગ્ય બચાવ-નિવારણની માહિતીનો પ્રચાર-પ્રસાર, તાત્કાલિક સારવારના દર્દીઓ સુધી 108 જેવી ત્વરિત ઍમ્બ્યુલન્સ સેવાઓ પૂરી પાડવી જેવી વિવિધ મદદના પાયામાં રાજ્ય સરકારની સંવેદનશીલતા છે. ગુજરાતની જાહેર આરોગ્ય સેવાઓને સશક્ત બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન હેઠળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે આરોગ્ય ક્ષેત્રે નવી ગાથા લખી અનેક સિદ્ધિઓ મેળવી છે.*

## ૧૦,૨૮૦થી વધુ આરોગ્ય કેન્દ્રોમાં ૭,૬૦૦ કમ્યુનિટી હેલ્થ ઑફિસર્સની નિમણૂક

ગુજરાતમાં સક્રિય ૧૦,૨૮૦થી વધુ આયુષ્માન આરોગ્ય મંદિરોમાં ૧૪૮૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૭૭૧૭ પેટા આરોગ્ય કેન્દ્રો, ૪૧૭ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૬૭૦ શહેરી આયુષ્માન આરોગ્ય મંદિરોનો સમાવેશ થાય છે. આ કેન્દ્રોમાં ૭,૬૦૦ 'કમ્યુનિટી હેલ્થ ઑફિસર્સ'ની પણ નિમણૂક કરવામાં આવી, જેમની સેવાઓથી ગ્રામીણ અને શહેરી વિસ્તારોના નાગરિકો સુધી આરોગ્ય સેવાઓ સુલભ બની છે.

મહીસાગરના ડોકલાવ પેટા આરોગ્ય કેન્દ્રને તાજેતરમાં દેશનું પ્રથમ નૅશનલ ક્વૉલિટી અશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (NQAS) પ્રમાણિત આરોગ્ય મંદિર બનવાનું બહુમાન સાંપડ્યું છે, જે આરોગ્ય ક્ષેત્રે ગુજરાતની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નિર્ધારિત NQAS એ જાહેર આરોગ્ય સંસ્થાઓમાં સેવાઓની ગુણવત્તાને સુનિશ્ચિત કરે છે અને તેને વધુ સારી બનાવવા માટે સક્રિય છે.

## આરોગ્ય શિબિરોમાં લાખો લોકોને મળ્યા લાભ

ગુજરાતમાં આયુષ્માન આરોગ્ય મંદિરો હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આરોગ્ય પેટા કેન્દ્રો પર ૫૯,૯૦૦થી વધુ શિબિરોમાં ૩૩.૨૦ લાખ લોકોએ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર ૭,૦૧૦ શિબિરોમાં ૫.૨૫ લાખથી વધુ લોકોએ આમ કુલ ૬૬,૯૦૦થી વધુ આરોગ્ય શિબિરોમાં ૩૮.૪૬ લાખથી વધુ લોકોએ આરોગ્ય સેવાઓનો સીધો જ લાભ લીધો હતો.

આ આયુષ્માન આરોગ્ય શિબિરોમાં સ્ત્રી રોગ, બાળરોગ, આંખના અને ઇએનટી નિષ્ણાત, ઉપરાંત મનોચિકિત્સક અને ડેન્ટલ સર્જન જેવા નિષ્ણાતોએ સેવાઓ પૂરી પાડી હતી તથા નાની અને મોટી શસ્ત્રક્રિયાઓ, મોતિયાનાં ઑપરેશન, MTP અને ABHA-હેલ્થ આઈડી બનાવવા જેવી ઘણી મહત્ત્વપૂર્ણ તબીબી સેવાઓ પણ પૂરી પાડવામાં આવી.








## આઠ મુખ્ય પ્રવાસન સ્થળોએ "મૉડલ આયુષ્માન આરોગ્ય મંદિર"

ગુજરાત સરકારે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓને પહોંચ સુનિશ્ચિત કરવા માટે રાજ્યનાં ૮ મુખ્ય પ્રવાસન સ્થળોએ મૉડલ-આયુષ્માન આરોગ્ય મંદિરની સ્થાપના કરી છે જેમાં ગીર નેશનલ પાર્ક, સ્ટેચ્યૂ ઑફ યુનિટી, નેશનલ સૉલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ, ડાયનાસોર મ્યુઝિયમ, પોલો ફૉરેસ્ટ, રાણી કી વાવ અને મોઢેરા સૂર્યમંદિરનો સમાવેશ થાય છે. અહીં મુલાકાતે આવતાં પ્રવાસીઓને ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડવાની સાથે સ્થાનિક નાગરિકો માટે આરોગ્ય સુવિધાઓનો વિસ્તાર વધારવાનો પણ આરોગ્ય મંદિરોનો ઉદ્દેશ છે.



# સૌર ઊર્જા ક્ષેત્રે અગ્રેસર ગુજરાત

# પીએમ સૂર્ય ઘર યોજનામાં સૌથી વધુ ૩૪% યોગદાન

ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર મફત બિજલી યોજનાની અભૂતપૂર્વ સફળતામાં વહીવટીતંત્રની દૂરંદેશી કામગીરીએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, સાથે જાગૃત જનતા અને સ્થાનિક સંસ્થાઓની સક્રિય ભાગીદારી નોંધપાત્ર રહી છે. રાજ્ય સરકારે દરેક ગામ અને શહેરમાં વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવીને નાગરિકોને યોજનાના લાભો વિશે માહિતગાર કર્યા અને અરજી પ્રક્રિયાને સરળ અને સુલભ બનાવી. આવા સમન્વિત અને સમર્પિત પ્રયાસો આજે ગુજરાતને નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં દેશ માટે એક આદર્શ મૉડલ તરીકે સ્થાપિત કરી રહ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં “પીએમ સૂર્ય ઘર મુફત બિજલી યોજના” માટે રાજ્ય સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નિર્ધારિત ૩.૦૫ લાખ સોલાર રૂફટૉપ પૅનલ્સના ઇન્સ્ટોલેશનનો લક્ષ્યાંક સમય પહેલાં જ પ્રાપ્ત કરી લીધો છે.

રાજ્ય સરકારની સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, ૧૧ મે ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ ૩.૩૬ લાખ સોલર રૂફટૉપ પૅનલ્સ સ્થાપિત કરવામાં આવી છે. આ આંકડો દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં સર્વાધિક છે. આ યોજનાના સફળ અમલીકરણને કારણે, આજે ગુજરાત સોલર રૂફટૉપ ઇન્સ્ટોલેશનમાં દેશમાં ૩૪% યોગદાન આપી રહ્યું છે. આ યોજના હેઠળ ગુજરાતના ૩.૩૬ લાખમાંથી ૩.૦૩ને સબસિડી મળી છે. ગ્રાહકોને કેન્દ્ર સરકાર દ્વારા ₹૨૩૬૨ કરોડની સબસિડી આપવામાં આવી છે.

## કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો

GUVNLના આંકડા અનુસાર, ગુજરાતમાં ‘પીએમ સૂર્ય ઘર મુફત બિજલી યોજના’ હેઠળ સ્થાપિત ૩.૩૬ લાખ સોલર રૂફટૉપ સિસ્ટિમ દ્વારા ૧૨૩૨ મેગાવૉટથી વધુ ઊર્જાનું ઉત્પાદન થયું છે, જે પરંપરાગત વીજ ઉત્પાદનના ૧૮૩૪ મિલિયન યુનિટ જેટલું છે. જો આટલી જ ઊર્જા કોલસા આધારિત પ્લાન્ટમાંથી ઉત્પન્ન કરવામાં આવી હોત, તો લગભગ ૧૨૮૪ મેટ્રિક ટન કોલસાનો વપરાશ થયો હોત. આ બચતને કારણે વાતાવરણમાં ૧૫૦૪ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં પણ ઘટાડો થયો છે.

## "પીએમ સૂર્ય ઘર મુફત બિજલી યોજના"

પીએમ સૂર્ય ઘર મુફત બિજલી યોજનાની શરૂઆત ફેબ્રુઆરી ૨૦૨૪માં વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવી હતી. આ યોજના હેઠળ નાગરિકોને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી આપવાની સાથે ૩ kW સુધીની સિસ્ટિમ પર રૂ.૭૮ હજાર સુધીની સબસિડી આપવામાં આવે છે. છત ધરાવતાં કોઈ પણ ઘરમાલિક આ યોજના માટે પાત્ર છે. અરજીની પ્રક્રિયા સરળ છે અને pmsuryaghar.gov.in પર જઈને ઓનલાઇન કરી શકાય છે.





# અરવિંદભાઇની આમળાની અઘધધ.... આવક

*હિમાંશુ ઉપાધ્યાય*

**'આમદની અઠન્ની, ખર્ચા રૂપૈયા'** આ કહેવતને ઊલટી પુરવાર કરતા અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાના ઘેલડા ગામના ખેડૂત શ્રી અરવિંદભાઈએ 'ખર્ચ અઠન્ની, આવક રૂપૈયા' જેવો ઘાટ સર્જી બતાવ્યો છે. માત્ર આમળાની ખેતી કરીને તેઓ અધધ કમાણી કરી રહ્યા છે.

ઘરવપરાશની સાથે આયુર્વેદિક ઔષધોમાં જેનો મહત્તમ વપરાશ થાય છે, તેવા આમળાની ખેતી તરફ ખેડૂતોનો ઝોક વધ્યો છે. જોકે, આમળાની ખેતીમાંથી સામાન્ય આવકને બદલે કોઈ ખેડૂત મલ્ટિનૅશનલ કંપનીના સીઈઓ જેટલી માતબર આવક મેળવી શકે તો એ ખરેખર આનંદની વાત છે.

શ્રી અરવિંદ પટેલે આમળાની ખેતીમાંથી ગત વર્ષે રૂ. ૧.૫ (દોઢ) કરોડની માતબર આવક મેળવી હતી. તેઓ આઠમા ધોરણ સુધી જ ભણ્યા છે, પરંતુ કોઠાસૂઝમાં તેમણે પીએચ.ડી. કર્યું છે, એમ કહીએ તોપણ અતિશયોક્તિ ન ગણાય.

તેમની પાસે ઘેલડા ગામમાં એક જ પટ્ટે ૪૦૦ વીઘા જમીન છે. પહેલાં ચીલાચાલુ પદ્ધતિથી ખેતી કરતા હતા, પરંતુ છેલ્લાં પાંચ વર્ષથી તેમણે પ્રાકૃતિક ખેતી અપનાવી છે. તેઓ આમળા સાથે સરગવાની પણ ખેતી કરે છે. વર્ષ ૨૦૧૫થી ૨૦૧૭ દરમિયાન ૩ વર્ષમાં અંદાજે રૂ. ૧ કરોડનાં આમળાં પકવ્યાં હતાં. પરંતુ પ્રાકૃતિક ખેતી શરૂ કર્યા બાદ ગયા વર્ષે રૂ. ૧.૫ કરોડનાં આમળાનું મબલખ ઉત્પાદન થયું છે.

અરવિંદભાઈ કહે છે કે, "હું પહેલાં ચીલાચાલુ ખેતી કરતો હતો, પરંતુ જયારે પ્રાકૃતિક ખેતીના ફાયદા જાણ્યા ત્યારથી મેં પ્રાકૃતિક ખેતી અપનાવી અને મને ચાર ગણું ઉત્પાદન મળ્યું છે." આત્મા પ્રોજેક્ટ અંતર્ગત અમને આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં પ્રગતિશીલ ખેડૂતો સાથેના વાર્તાલાપ વડે સરગવાની ખેતી કરવાની પ્રેરણા મળી હતી. સામાન્ય ખેતીથી અલગ પદ્ધતિથી સૌથી પહેલાં મેં સરગવાની ખેતી શરૂ કરેલી.

આત્મા પ્રોજેક્ટના શ્રી કે.કે. પટેલ કહે છે કે, સમગ્ર રાજ્યની જેમ અમદાવાદ જિલ્લામાં પણ પ્રાકૃતિક ખેતીએ વેગ પકડ્યો છે. જિલ્લામાં ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી તરફ ઝોક વધ્યો છે એટલું જ નહિ તેનાં સારાં પરિણામો મળી રહ્યાં છે.

જિલ્લા કક્ષાનો બેસ્ટ આત્મા ફાર્મર્સ ઍવૉર્ડ મેળવનાર અરવિંદભાઈએ ખાટા આમળાની મીઠી આવકથી માતબર નાણાં અને નામના, બન્ને મેળવ્યાં છે.

# હીરા ઉદ્યોગ અને રત્ન કલાકારો માટે ખાસ સહાય પેકેજ



**નિર્ણય :** આંતરરાષ્ટ્રીય સ્તરે હીરા ઉદ્યોગમાં પ્રવર્તતી વિષમ પરિસ્થિતિને કારણે અસરગ્રસ્ત રત્નકલાકારો અને સૂક્ષ્મ એકમોને રાહત આપવા રાજ્ય સરકારે વિશેષ સહાય પેકેજ જાહેર કર્યું હતું. અસરગ્રસ્ત રત્નકલાકારોના બાળકોની શાળાની ફીના ૧૦૦% લેખે, બાળક દીઠ મહત્તમ રૂ. ૧૩,૫૦૦ની મર્યાદામાં એક વર્ષ માટે ફી ચૂકવણી કરવામાં આવશે. જે સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા શાળાઓને શિક્ષણ વિભાગની પદ્ધતિ મુજબ ચૂકવાશે.

**પાત્રતાના ધોરણો :** તા. ૩૧મી માર્ચ-૨૦૨૪ બાદ રોજગાર ગુમાવનાર રત્ન કલાકારને સહાય મળવા પાત્ર રહેશે. ઉપરાંત રત્નકલાકારની ઉંમર ૨૧ વર્ષથી વધુ, ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી હીરા ઉદ્યોગના કારખાનામાં કામગીરી કરેલી હોય તેમજ હાલમાં હીરા ઉદ્યોગમાં રોજગારીથી વંચિત હશે તેને સહાય મળવાપાત્ર રહેશે. હીરા ઉદ્યોગના એકમોને ટર્મ લોનની મહત્તમ રૂ. ૫ લાખની મૂડી ઉપર ૯ ટકાના દરે ત્રણ વર્ષ (૦૧/૦૭/૨૦૨૫થી ૩૦/૦૬/૨૦૨૮) સુધી વ્યાજ સહાય આપવામાં આવશે. એટલુ જ નહિ, તેમને ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં પણ તા. ૦૧/૦૭/૨૦૨૫થી એક વર્ષ માટે મુક્તિ આપવામાં આવશે.

એકમ (પ્લાન્ટ અને મશીનરીમાં રૂ. ૨.૫ કરોડ સુધીનું મૂડીરોકાણ), છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ (૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫) દરમિયાન હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલું હોવું, ગત વર્ષ (૨૦૨૩-૨૪)ની સરખામણીએ વીજ વપરાશમાં ૨૫% અથવા તેથી વધુ ઘટાડો તેમજ એકમે તા. ૩૧/૦૩/૨૦૨૫ પહેલાં ઉદ્યમ રજિસ્ટ્રેશન મેળવેલું હોવું જોઈએ.

# ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની ૬૦ હજાર એકર જમીનને સિંચાઈનો લાભ

**નિર્ણય :** ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના કિસાનો - અગ્રણીઓ દ્વારા કરાયેલી રજૂઆતોનો સંવેદનાત્મક પ્રતિસાદ આપતાં રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. ઉનાળાની ઋતુ દરમિયાન બહોળા પ્રમાણમાં પાકનું વાવેતર થઈ શકે તેમજ ચેકડેમ - તળાવ ભરવા સાથે લોકોને પીવાના પાણીની સમસ્યા ન રહે તે માટે નર્મદાનું ૩૦,૬૮૯ Million Cubic Feet (MCFT) પાણી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારોમાં વિતરણ કરાશે.

**જળ વિતરણ વ્યવસ્થા :** ઉત્તર ગુજરાતને નર્મદાનું ૧૪૫૩૯ MCFT અને સૌરાષ્ટ્રને ૧૬૧૫૦ MCFT પાણી આપવામાં આવશે. નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્ધવહન પાઇપલાઇન મારફતે ઉત્તર ગુજરાતનાં ૯૫૦થી વધુ તળાવો અને સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ કેનાલથી આ પાણી પૂરક સિંચાઈ અને પીવાના હેતુસર અપાશે. એટલું જ નહીં સૌરાષ્ટ્ર વિસ્તારનાં ૨૪૩ તળાવો અને ૧૮૨૦ ચેકડેમમાં નર્મદા જળ પહોંચાડવામાં આવશે.

**લાભ :** ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની કુલ ૬૦ હજાર એકરથી વધુ ખેતીલાયક જમીનને નર્મદા જળથી સિંચાઈનો લાભ મળતો થશે. આ સાથે લોકોને પીવા માટે પણ પૂરતું પાણી મળી રહેશે.

# સહકારી ક્ષેત્રમાં પારદર્શિતા લાવવા મહત્ત્વનો નિર્ણય

**નિર્ણય :** ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) અને જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં વધુ પારદર્શિતા લાવવાના ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના વહીવટી-નાણાકીય હિસાબ તપાસણીના ઓડિટ વર્ષ ૨૦૨૪-૨૫થી નવા નિયત કરવામાં આવેલા નમૂના મુજબ કરવાનો રહેશે.

**સરવૈયું :** ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘનું ઓડિટ વર્ષ ૧૯૮૩ના ઓડિટ મેન્યુઅલ મુજબ કરવામાં આવતું હતું. છેલ્લા ૪૨ વર્ષોથી ટર્ન ઓવરમાં સતત વધારો જોવા મળતા તેમજ અન્ય વહીવટી કારણોસર જૂના નમૂનામાં ફેરફાર કરવાની આવશ્યકતા જણાતાં, ખાતાના નિવૃત્ત અધિકારીશ્રીઓ અને સી.એ ફર્મના સૂચનો મેળવીને સંલગ્ન સંસ્થાઓની વહીવટી અને નાણાકીય હિસાબ તપાસણી યાદીના નવા નમૂના તૈયાર કરવામાં આવ્યા છે.

# ગામતળ બહાર વીજ જોડાણો આપવાના નિયમોમાં ફેરફાર

**નિર્ણય :** ગામતળની બહાર વસવાટ કરતા નાગરિકોના હિતમાં ત્રણ મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયા છે. ગામડામાં અનેક પરિવારો ગામતળની બહાર અથવા વાડી વિસ્તારમાં રહે છે. તેમને ૨૪ કલાક પૂરતી વીજળી મેળવી શકે તે માટે ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણો આપવાની સર્વગ્રાહી નીતિના નિયમોમાં રાજ્ય સરકાર દ્વારા સુધારા કરાયા છે.

**સુધારા:** ગુજરાત સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર ગામતળની બહારના કોઈ પણ વિસ્તારમાં આવેલા રહેણાક હેતુના મકાનમાં નવીન સિંગલ ફેઝ વીજ જોડાણ માટે ખેતીવાડી ફીડર પરથી ૩ કિલોવોટ (KW)ના વીજ ભારની મર્યાદામાં રહીને વીજ-જોડાણ આપવામાં આવે છે. આ માટે થતા કુલ વાસ્તવિક ખર્ચ અથવા રૂ. ૧ લાખ, બંનેમાંથી જે ઓછી હોય તે રકમ ભરપાઈ કરવાની રહે છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલા નવા નિર્ણય બાદ હવેથી ગામતળની બહાર વસવાટ કરતા પરિવારોને ૬ કિલોવોટ (KW) સુધીનું સિંગલ ફેઝ વીજ જોડાણ મળી શકશે. આ વીજ જોડાણ માટે તેમણે વીજભાર આધારિત એટલે કે, KW આધારિત ફિક્સ ચાર્જ જ ભરપાઈ કરવાનો રહેશે.

બીજા નિર્ણયમાં ગામતળની બહાર આવેલી આશ્રમશાળા, આદર્શ નિવાસી શાળા, આદર્શ છાત્રાલય, રાજ્ય અથવા કેન્દ્ર સરકાર હસ્તકના યુનિટ જેવા જાહેર હેતુ માટે માંગવામાં આવતાં નવાં વીજ જોડાણો ઉપરાંત પોલ્ટ્રી ફાર્મ, તબેલા, નોંધાયેલા ઢોરવાડા, ઝીંગા ફાર્મ, ગૌશાળા, તમાકુની ખળી, મોબાઈલ ટાવર, મિલ્ક ચિલિંગ પ્લાન્ટ, મેંગો રાઇપનિંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે માંગવામાં આવતાં નવાં વીજ જોડાણો માટેનો તમામ વાસ્તવિક ખર્ચ પ્રવર્તમાન સમયમાં લેવામાં આવે છે, તેના બદલે હવેથી આવા એકમોએ માત્ર કિલોવોટ (KW) આધારિત ફિક્સ ચાર્જ જ ભરપાઈ કરવાનો રહેશે.

અગાઉ ગામતળની બહાર નોન - ટ્રાયબલ વિસ્તારમાં ૧૫ મકાનોનું જૂથ હોય તો જ જ્યોતિગ્રામ ફીડર પરથી વીજ જોડાણ આપવામાં આવતું હતું. નવા નિર્ણયથી હવે ૧૫ ના બદલે ૧૦ મકાનોનું જૂથ હોય તો પણ જ્યોતિગ્રામ ફીડર પરથી વીજ જોડાણ આપવામાં આવશે.

**લાભ :** રાજ્ય સરકારના આ મહત્ત્વપૂર્ણ નિર્ણયને પરિણામે ગામતળની બહાર તેમજ વાડી વિસ્તારમાં ઘર બનાવીને રહેતા ખેડૂતો, ઉદ્યોગકારોને માત્ર ફિક્સ ચાર્જ ભરપાઈ કરીને નવીન વીજ જોડાણ મળી શકશે. ઉપરાંત નોન - ટ્રાયબલ વિસ્તારમાં નાના જૂથમાં આવેલાં મકાનોને પણ વીજ જોડાણ મળતાં અનેક ઘરમાં અજવાળાં પથરાશે.

# નબળા વર્ગોને કાનૂની સહાય આપવા આવક મર્યાદા વધારાઈ

**નિર્ણય :** રાજ્ય સરકારે ગુજરાતના નબળા વર્ગોને નિ:શુલ્ક અને સક્ષમ કાનૂની સેવા પૂરી પાડવાની આવક મર્યાદા વધારીને રૂ. ૩ લાખ કરી છે.

**હેતુ :** સમાજના નબળા વર્ગોને નિ:શુલ્ક અને સક્ષમ કાનૂની સેવાઓ પૂરી પાડવા માટે કાનૂની સેવા સત્તામંડળોની રચના કરવાના હેતુસર ધ લીગલ સર્વિસ ઑથોરિટી-૧૯૮૭ અનુસાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ-૧૯૯૭નો કાયદો હાલ ગુજરાતમાં અમલી છે. આ કાયદાની કલમ-૧૨ મુજબ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિનાં સભ્ય, મહિલા, બાળક, દિવ્યાંગ અને ઔદ્યોગિક કામદાર સહિત નિર્ધારિત આવક મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતી વ્યક્તિને નિ:શુલ્ક અને સક્ષમ કાનૂની સહાય મળવાપાત્ર છે. આ કાયદાના નિયમ-૨૦ મુજબ નિર્ધારિત આવક મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતી વ્યક્તિને સુપ્રીમ કોર્ટ સિવાય અન્ય કોઈ પણ કોર્ટ સમક્ષ કેસ દાખલ કરવા અથવા બચાવ કરવા માટે કાનૂની સેવાઓનો હક મળે છે.

**લાભ :** આ સુધારાથી સમાજના બહોળા વર્ગને પોતાના હકોના રક્ષણ માટે કાનૂની સેવા નિ:શુલ્ક અને સરળતાથી પ્રાપ્ત થશે.

# 'ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના'

રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓના કેન્દ્રમાં દરેક નાગરિકના પરિવારનું કલ્યાણ, ઉત્કર્ષ અને સર્વાંગીણ વિકાસ જ રહેલો છે. વિશ્વ પરિવાર દિવસની ભાવનાને ચરિતાર્થ કરતાં, રાજ્યના કર્મયોગીઓ અને તેમના પરિજનોને આરોગ્ય સુરક્ષાનું કવચ પૂરું પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા 'ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના'ને બહાલી આપવામાં આવી છે. આ યોજના અંતર્ગત, રાજ્યના અંદાજિત ૪.૨૦ લાખ અધિકારી-કર્મચારીઓ અને ૨.૨૦ લાખ પેન્શનર્સ મળી કુલ ૬.૪૦ લાખ કર્મયોગી પરિવારોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY-MA) હેઠળ 'G' કેટેગરીના વિશેષ કાર્ડ દ્વારા કુટુંબદીઠ વાર્ષિક રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવારનો લાભ ઉપલબ્ધ થશે.

# શ બ્દ ર મ ત

**અરુણા ડાવરા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| રે | ત | વિ | વો | ખી | જ | ડો | વ | ડ |
| વ | હે | રા | ખા | ડી | લ | જૌ | ઝ | ઠા |
| તી | ક | સ | મ | હી | સા | ગ | ર | ફૂ |
| ફે | વા | ત | ક | પો | ખી | જા | ન | કી |
| ણ | સ | મે | શ્ય | રૂ | શ્યા | મ | લ | ડ |
| પા | વ | ક | પ | રા | ડા | અ | બો | કો |
| ત | ટે | ડી | ક્ષી | ઉ | ઓ | જા | ગિ | રિ |
| હા | શ્વ | જી | કો | અં | બા | જી | ક્ષ | યા |
| જૂ | ર | પ્લા | સ્ટિ | ક | પ્ર | દૂ | ષ | ણ |

1. ગુજરાતમાં દર મા વન મહોત્સવ અંતર્ગત ક્યાં વનની સ્થાપના કરવામાં આવી છે?
2. ૫૦૧ નવપરિણીત યુગલો દ્વારા વૃક્ષ વાવેતર કરવામાં આવ્યું હતું તે માંગલ્ય વન ક્યાં આવેલું છે?
3. થોળ પક્ષી અભયારણ્ય મહેસાણા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે?
4. જૈન ધર્મના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીએ ક્યા વૃક્ષ નીચે 'કૈવલ્યજ્ઞાન' પ્રાપ્ત કર્યું હતું?
5. સુરેન્દ્રનગર જિલ્લાના ધોળીધજા ડેમ ખાતે કયું સાંસ્કૃતિક વન આવેલું છે?
6. ભૂચર મોરી ખાતેના શહીદ વનમાં ક્યા શહીદ વીરનું સ્ટેચ્યૂ આવેલું છે?
7. 'ગોવિંદ ગુરુ સ્મૃતિ વન' ક્યાં જિલ્લામાં છે?
8. વિહંગ વન, રાયણ વન, ડમરા વાટિકા વન, સુશ્રુત વન, કમળકુંડ વન જેવાં વનો ક્યા સાંસ્કૃતિક વનમાં ઊભા કરવામાં આવ્યાં છે?
9. નવસારી જિલ્લામાં કયું સાંસ્કૃતિક વન છે?
10. વિશ્વ પર્યાવરણ દિવસ વર્ષ-૨૦૨૫ની યજમાની કયો દેશ કરશે?
11. શનિ ગ્રહનું આરાધ્ય વૃક્ષ કયું છે?
12. રામ વન : રાજકોટ, મહીસાગર વન : ......
13. વર્ષ ૨૦૦૯માં સાબરકાંઠા જિલ્લાના શામળાજી ખાતે કયું વન બનાવવામાં આવ્યું છે?
14. સપ્તર્ષિના સાત ઋષિઓ પૈકી કયા ઋષિની ઇષ્ટ વનસ્પતિ તુલસી અને અળસી છે?
15. મહુડો ક્યાં નક્ષત્રનું આરાધ્ય વૃક્ષ છે?
16. વિશ્વ પર્યાવરણ દિવસની આ વર્ષની થીમ ક્યાં વિષય સાથે સંકળાયેલી છે?

**જવાબ** ૧. વિરાસત, ૨. અંબાજી, ૩. કડી, ૪. વડ, ૫. વટેશ્વર, ૬. જામ અજાજી, ૭. મહીસાગર, ૮. પાવક ૯. જાનકી, ૧૦. કોરિયા, ૧૧. ખીજડો, ૧૨. વહેરાખાડી, ૧૩. શ્યામલ, ૧૪. કશ્યપ, ૧૫. રેવતી, ૧૬. પ્લાસ્ટિક પ્રદૂષણ

## આયુર્વેદનું અમૃત... ફળોનો રાજા - કેરી

**વૈદ્ય મહેશ અખાણી**

આબાલ વૃદ્ધ સૌને ગમતું ફળ એટલે બધાં જ ફળોનો રાજા તો કેરી જ કહેવાય. સાતેય ધાતુઓ વધારે, વજન વધારે, હૃદયને બળ આપે, ઊલટી મટાડે, રુચી વધારે, આયુષ્ય વધારે, પ્રમાણસર લેવાથી ઝાડા મટાડે, પેશાબ ઓછો કરે, આંખોનું તેજ વધારે, ગરમી મટાડે અને લોહી પડતું અટકાવે છે, સૌને મનગમતી અને ભાવતી પાકી કેરી બધા જ ગુણોનો ભંડાર છે.

પાકી કેરી પણ ગરમ પડે છે તેવો લોકોનો વહેમ એટલા માટે છે કે, આપણે મોટાભાગે કાર્બોઇડથી પકાવેલી કેરી ખાવા ટેવાયેલા છીએ. અન્યથા કુદરતી રીતે પાકેલી કેરી ગરમ નથી પડતી.



✸ **બાફલો :** બાફેલી કાચી કેરીના રસમાં ગોળ, કાળાં મરી ઉમેરીને બનાવેલું શરબત- બાફલો ઉનાળાની ગરમી દૂર કરી, ઝાડા મટાડી બળ આપવામાં ઉત્તમ છે.

✸ **પાકી કેરીનું શરબત :** પાકી કેરીના રસમાં પાણી, સાકર, ઇલાયચી, લવિંગ, આદુનો રસ ઉમેરીને બનાવેલું સ્વાદિષ્ટ શરબત પીવાથી વાયુ-પિત્તનું શમન થાય અને કેરીના રસના બધા જ લાભ થાય છે. ખાંડની ચાસણીમાં આ શરબત આખું વર્ષ રાખી શકાય છે. તેમાં મધ મેળવીને પીવાથી કફ- ખાંસી થશે નહિ.

✸ **કેરીની ગોટલીનો ગર્ભ :** તૂરો, થોડોક મીઠો તેવો ગોટલીનો ગર્ભ ગુણમાં ઠંડો, ઊલટી- ઝાડા, કફ અને ગરમીની ખાંસી અને હૃદયનો દુખાવો મટાડે છે. મુખવાસ તરીકે પણ તે ઉપયોગી છે.

✸ **વજન વધારવા :** કેરીના રસમાં સૂંઠ અને ઘી ઉમેરીને ખાવું.

✸ **વિરુદ્ધાહાર :** કેરીના રસમાં દૂધ ઉમેરીને ખાવું જોઈએ નહિ. તે વિરુધ્ધાહાર છે. વિરુદ્ધાહારથી રોગપ્રતિકાર શક્તિ ઘટે છે અને ચામડીના રોગો થાય છે.

# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

૧. તાજેતરમાં પૂર્ણ થયેલ સિંહ વસતિ ગણતરી બાદ ગુજરાતમાં સિંહોની સંખ્યા ૬૭૪ થી વધીને કેટલી થઇ છે?
(A) ૮૪૧ (B) ૮૫૧ (C) ૮૯૧ (D) ૮૬૧

૨. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તાજેતરના મન કી બાત કાર્યક્રમમાં Crafted Fibers નો ઉલ્લેખ કર્યો હતો. તે કયા રાજ્ય સાથે સંબંધિત છે?
(A) સિક્કિમ (B) અરુણાચલ પ્રદેશ
(C) મિઝોરમ (D) ત્રિપુરા

૩. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તાજેતરના મન કી બાત કાર્યક્રમમાં આંધ્રપ્રદેશ સરકારે યોગ સંસ્કૃતિને વિકસાવવા શરૂ કરેલ અભિયાનનો ઉલ્લેખ કરેલો. આ અભિયાનનું નામ શું છે?
(A) YogAndhra (B) YogMudra
(C) YogIshwar (D) YogLife

૪. તાજેતરમાં આયોજિત નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક બાબતે નીચેનામાંથી કયા વિધાન સાચા છે?
૧. નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ૧૦મી બેઠક વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં મળી હતી. ૨. આ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે મોનીટરીંગ મિકેનિઝમ માટે ૫૦૦થી વધુ કી પરફોર્મન્સ ઇન્ડિકેટર્સ નિર્ધારિત કર્યાનો ઉલ્લેખ કર્યો હતો.
(A) માત્ર ૧ (B) માત્ર ૨ (C) ૧ અને ૨ (D) એક પણ નહિં

૫. નીચેનામાંથી કયો દિવસ વિશ્વ મધમાખી દિવસ તરીકે ઉજવાય છે?
(A) ૧૧ મે (B) ૧૧ જૂન (C) ૨૦ જૂન (D) ૨૦ મે

૬. દેશના ૧૩૦૦થી વધુ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ કરીને તેનો પુનર્વિકાસ કરવા માટેની યોજનાનું નામ શું છે?
(A) અમૃત ભારત સ્ટેશન યોજના (B) સુવર્ણ ભારત રેલવે યોજના
(C) વિકસિત ભારત રેલવે યોજના (D) વંદે ભારત સ્ટેશન યોજના

૭. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ગુજરાતમાં કેટલા ટકા રેલવે રૂટનું વિદ્યુતીકરણ થઇ ચૂક્યું છે?
(A) ૮૫ ટકા (B) ૯૫ ટકા (C) ૮૭ ટકા (D) ૯૭ ટકા

૮. વડાપ્રધાનશ્રીએ નીચેનામાંથી કયા જિલ્લા ખાતે સંપૂર્ણ સ્વદેશી 9000 હોર્સપાવરના ઇલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન ડી-૯ને લીલી ઝંડી આપીને દેશને સમર્પિત કર્યુ?
(A) અમદાવાદ (B) દાહોદ (C) કચ્છ (D) છોટા ઉદેપુર

૯. વડાપ્રધાનશ્રીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી નીચેનામાંથી કયા રૂટ પર વંદે ભારત એક્સપ્રેસનું લોકાર્પણ કર્યુ હતું?
(A) ગાંધીનગર-ભૂજ (B) અમદાવાદ-જામનગર
(C) મહેસાણા-બોટાદ (D) વેરાવળ-સાબરમતી

૧૦. નીચેનામાંથી ગુજરાતના કયા સ્થળે દેશના ત્રણ ગ્રીન હાઇડ્રોજન હબમાંથી એક એવા કારખાનાનો શિલાન્યાસ થયો છે?
(A) કંડલા (B) મુન્દ્રા (C) પીપાવાવ (D) હજીરા

૧૧. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને ગુજરાત સહકારી મહાસંમેલન-૨૦૨૫ કયા જિલ્લામાં આયોજિત થયું?
(A) ગાંધીનગર (B) કચ્છ (C) અમદાવાદ (D) બનાસકાંઠા

૧૨. વડાપ્રધાનશ્રીએ કચ્છ ખાતે કરેલ રૂ. ૫૩૦૦૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્તમાં નીચેનામાંથી કયા પ્રકલ્પોનો સમાવેશ થાય છે?
૧. રૂ. ૧૦૦ કરોડના ખર્ચે કંડલામાં EXIM કાર્ગોના સ્ટોરેજ માટે પોર્ટ વિસ્તારનું વિસ્તરણ ૨. રૂ. ૩૩ કરોડના ખર્ચે માતાના મઢ ખાતે વિકાસ ૩. રૂ. ૧૦૯ કરોડના ખર્ચે ધોળાવીરા ખાતે પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ
(A) માત્ર ૧ અને ૨ (B) માત્ર ૧ અને ૩
(C) માત્ર ૨ અને ૩ (D) આપેલા તમામ

૧૩. ૨૦ વર્ષ શહેરી વિકાસના કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાનશ્રીએ નીચેનામાંથી કયા જિલ્લા ખાતે યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટરનું લોકાર્પણ કર્યું?
(A) ખેડા (B) અમદાવાદ (C) ગાંધીનગર (D) સાબરકાંઠા

૧૪. ગુજરાતમાં કયા વર્ષ સુધીમાં દરેક ગ્રામ પંચાયત વિસ્તારમાં પ્રાઇમરી ઍગ્રિકલ્ચરલ ક્રૅડિટ સોસાયટી-PACS રજિસ્ટર કરી બે લાખ જેટલી પ્રાથમિક સહકારી મંડળીઓ શરૂ કરવાનું આયોજન છે?
(A) વર્ષ ૨૦૩૫ (B) વર્ષ ૨૦૨૯
(C) વર્ષ ૨૦૩૦ (D) વર્ષ ૨૦૩૧

૧૫. ગુજરાત પાણી પુરવઠા બોર્ડની વડી કચેરી ખાતે શરૂ કરવામાં આવેલા પ્રોએક્ટિવ કોલસેન્ટરનું નામ શું છે?
(A) જલસંપર્ક (B) વારિસંવાદ
(C) નીરસંપર્ક (D) જલસંવાદ

૧૬. તાજેતરમાં યોજાયેલ RE-NETWORK 2025 એક્સપો બાબતમાં નીચેનામાંથી કયા વિધાન યોગ્ય છે?
૧. એક્સપોની થીમ 'ધ ફ્યુચર ટુગેધર' હતી. ૨. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ક્ષમતાના ૫૫% રિન્યૂએબલ એનર્જી પૂરી પાડે છે તેવો ઉલ્લેખ કર્યો હતો.
(A) માત્ર ૧ (B) માત્ર ૨ (C) ૧ અને ૨ (D) એક પણ નહિં

૧૭. તાજેતરમાં મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના કયા સ્થળે દેશના સૌથી લાંબા અને રાજ્યના પ્રથમ એડવેન્ચર ફેસ્ટનો શુભારંભ કરાવ્યો હતો?
(A) સાપુતારા (B) ધરોઇ
(C) એકતાનગર (D) પદમડુંગરી

૧૮. ઇ.સ. ૧૮૭૭ માં સ્થપાયેલું ગુજરાતનું સૌથી પ્રાચીન સંગ્રહાલય નીચેનામાંથી કયું છે?
(A) લાલભાઇ દલપતભાઇ સંગ્રહાલય
(B) કેલિકો મ્યુઝિયમ
(C) વોટસન મ્યુઝિયમ (D) કચ્છ સંગ્રહાલય

૧૯. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા હેલ્પલાઇન નંબર નીચેનામાંથી કયો છે?
(A) ૧૯૭૧ (B) ૧૯૬૭ (C) ૧૯૬૫ (D) ૧૯૬૨

૨૦. રાજ્ય સરકાર દ્વારા 'ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના' હેઠળ ગુજરાતના કર્મયોગી પરિવારોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY-MA) હેઠળ કુટુંબદીઠ વાર્ષિક કેટલી રકમ સુધીની કેશલેસ સારવારનો લાભ આપવામાં આવ્યો છે?
(A) રૂ. ૫ લાખ (B) રૂ. ૭.૫૦ લાખ
(C) રૂ. ૮ લાખ (D) રૂ. ૧૦ લાખ

**જવાબ:** 1 (C), 2 (A), 3 (A), 4 (C), 5 (D), 6 (A), 7 (D), 8 (B), 9 (D), 10 (A), 11 (C), 12 (D), 13 (C), 14 (B), 15 (A), 16 (C), 17 (B), 18 (D), 19 (B), 20 (D)

**ગુજરાત ક્વિઝ અંગે આપના પ્રતિભાવ gujaratmagazine@gmail.com પર મોકલવા વિનંતી છે.**

# ફીટ ઇન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર ભાવનગરના સાઇકલિસ્ટ કલ્પેશસિંહ ઝાલા










**કૌશિક શીશાંગીયા**

કોરોના (કોવિડ-૧૯) પછી ઘરે દાદરા નહોતા ચઢાતા તેના બદલે આજે ગિરનાર ચડવા સક્ષમ બન્યા છે, તેઓ દરરોજ સવારે- ૩૦ કિલોમીટર સાઇકલ ચલાવે છે. રવિવારે તો ૬૦થી ૧૦૦ કિલોમીટરનું સાઇકલિંગ કરે છે. અહીં વાત છે ભાવનગર મહારાજા કૃષ્ણકુમાર યુનિવર્સિટીના કેમ્પસ ઑફિસર, ફીટ ઇન્ડિયાના બ્રાન્ડ ઍમ્બેસેડર અને સાઇકલિસ્ટ કલ્પેશસિંહ ઝાલાની.

૩ જૂનના રોજ વિશ્વ સાઇકલ દિવસ છે. ૪૧ વર્ષીય કલ્પેશસિંહ ઝાલા સાઇકલિંગના અનુભવો વિશે જણાવતાં કહે છે કે, કોરોના કાળ (કોવિડ-૧૯)માં મને કોરોના થયો હતો. જેના કારણે મારે ક્વૉરેન્ટીન થવું પડ્યું હતું. સદ્નસીબે એ સમયે યોગ્ય સારવારને કારણે સારું થઈ ગયું હતું. પણ એ પછી શરીરને સતત થાક લાગતો અને થાક અનુભવાતો હતો. થોડીક શારીરિક મહેનત કરીએ કે, ઘરના દાદરા ચડીએ તો હાંફીને થાકી જવાતું હતું.

કલ્પેશસિંહે હિંમત હાર્યા વગર અને શરીરને રાબેતા મુજબ ફિઝિકલી એક્ટિવ રાખી વૉલીબૉલ, ક્રિકેટ, રનિંગ અને પછી સાઇકલિંગની કસરત શરૂ કરી દીધી. નિયમિતપણે દરરોજ સવારે ૧૦થી ૧૫ કિલોમીટર સાઇકલ ચલાવવાનું શરૂ કર્યું, ધીમેધીમે ૩૦ કિલોમીટર સુધી સાઇકલિંગ કરવા શરીરને તૈયાર કર્યું. રવિવારે લોંગ સાઇકલિંગ ૬૦ થી ૧૦૦ કિલોમીટર કરવાનું નક્કી કર્યું અને ત્યારબાદ સાઇકલ ટૂર કરવાનું પણ નક્કી કર્યું. જેમાં ભાવનગર થી દીવ ૨૦૦ કિલોમીટર, ભાવનગરથી લાઠી અને ભાવનગર પરત ૨૦૦ કિલોમીટર તેમજ દીવથી ઓખા ૩૫૦ કિલોમીટર સુધી તેઓ સાઇકલ ચલાવી ચૂક્યા છે. હાલમાં તેઓ ૪.૩૦ કલાકમાં જૂનાગઢના ગિરનાર પર્વતના ગુરુ શિખર ચડ્યા હતા તેના મૂળમાં સાઇકલિંગ સાથેનું સગપણ છે.

કલ્પેશસિંહ જણાવે છે કે, સાઇકલિંગને કારણે અત્યારે હું એકદમ ફીટ છું, શરીર હળવું ફૂલ જેવું બની ગયું છે, સાઇકલિંગને કારણે સંપૂર્ણપણે થાક ગાયબ થઈ ગયો હોય અને મારાં ફેફસાં પણ મજબૂત થઈ ગયાં હોય તેવું લાગે છે. શરીરમાં સ્ટેમિના તો વધ્યો છે, એની સાથે શરદી-ઉધરસ પણ ગાયબ થઈ ગયાં છે. રોજિંદા કામમાં હવે થાક લાગતો નથી.

તેમણે ભાવનગરમાં 'ભાવનગર સાઇકલ કલબ' શરૂ કરી છે. સાઇકલ ક્લબમાં હાલ ૧૦૦ જેટલાં સભ્યો છે. ભાવનગરની ૧૦૦ કિલોમીટરની ત્રિજ્યામાં આ સભ્યોની સાઇકલ ટૂર યોજાતી હોય છે. વધુમાં વધુ લોકો સાઇકલિંગ તરફ આગળ વધે તે માટે તેઓ લોકોને સાઇકલિંગનું મહત્ત્વ સમજાવી રહ્યાં છે. સાઇકલિસ્ટ કલ્પેશસિંહનું માનવું છે કે, સ્વાસ્થ્ય બાબતે આત્મવિશ્વાસ રાખી અને મહેનત કરીએ તો પરિણામ ચોક્કસ મળે જ છે.

# હેલ્લો , તમારા પતિએ તમારા ખાતામાં પૈસા જમા કરવા કહ્યું છે, ગુગલ પે કરુ છું...! :

*વિપુલ ચૌહાણ*

આજના ડિજિટલ યુગમાં ઓનલાઈન ઠગાઈના કિસ્સા દિવસેને દિવસે વધી રહ્યા છે. અનેક યુક્તિ પ્રયુક્તિઓ કરીને ઠગબાજો નિર્દોષ લોકોને છેતરી રહ્યા છે. આ વખતે રોહન નામની ઓળખ આપીને એક સાયબર ગઠીયાએ એક બહેન સાથે તેમના પતિના મિત્ર હોવાનું કહીને ઠગાઇ કરવાનો નવો કારસો રચ્યો. જો કે બહેનની એલર્ટનેસ અને અવેરનેસ એ સાયબર ગઠીયાને માથુ ખંજવાળતો કરી દીધો, જે આપણને પણ સાવચેત રહેવાનું શીખવે છે.

**રોહન:** હેલ્લો...નમસ્તે બહેન, હું તમારા પતિનો દોસ્ત રોહન વાત કરું છુ. મારે તેમને રૂ.૨ હજાર આપવાના છે. એમને તમારા ખાતામાં જમા કરવા કહ્યુ એટલે હું તમને બે હજાર રૂપિયા ગુગલ પે કરી રહ્યો છું.

(થોડી જ વારમાં બહેનના મોબાઇલમાં રૂ.૨૦ હજાર જમા થયાનો અજાણ્યા નંબર પરથી મેસેજ આવે છે. રોહનનો ફોન ફરી બહેન પર આવે છે.)

**રોહન:** હેલો... ભૂલથી રૂ.૨,૦૦૦ ને બદલ રૂ.૨૦,૦૦૦ નંખાઇ ગયા છે. તો બાકીના રૂ.૧૮,૦૦૦ મારા એકાઉન્ટમાં પરત કરી દેજો ને...

પણ બહેન હોશિયાર નીકળ્યા.... એમને ખબર હતી કે બેંક ખાતામાં રૂપિયા ક્રેડિટ થયાનો મેસેજ બેંકમાંથી જ આવે, કોઇ અજાણ્યા નંબર પરથી નહિ...!

બહેનએ પણ રોહનને સટ્ટાક દઇને જવાબ આપી દીધો કે, હું પણ આ રૂપિયા તમારા પત્નિના ખાતામાં જમા કરાવી દઇશ..!

આ એક સ્કેમ છે. બહેનને જે રોહનનો ફોન આવ્યો તે સ્કેમર છે. તેને રૂ.૨૦,૦૦૦ જમા થયાનો મેસેજ બીજા કોઇ મોબાઇલ નંબરથી કરી બહેનને ભ્રમિત કર્યા.

બહેનની જેમ હોશિયાર બનો..! રોહન જેવા ઠગને જવાબ આપો. ડિજિટલ દુનિયામાં સાવધાની એ જ સલામતી છે. આવી ઘટનાઓથી બચો અને બીજાને જાગૃત કરો.

## આવા સ્કેમથી કેવી રીતે બચવું?

- **બેંક મેસેજની ખરાઈ કરો:** બેંક ખાતામાં પૈસા જમા થયાનો મેસેજ હંમેશા બેંકના ઓફિશિયલ નંબરથી જ આવે છે. અજાણ્યા નંબરના મેસેજ પર ભરોસો ન કરો.
- **ખાતું ચેક કરો:** કોઈ પણ ટ્રાન્ઝેક્શનની વાત આવે તો પહેલા બેંક ખાતું અથવા ગૂગલ પે/ફોન પે જેવી એપમાં બેલેન્સ ચેક કરો.
- **અજાણ્યા વ્યક્તિને પૈસા ન મોકલો:** ભલે કોઈ પોતાને તમારો મિત્ર કે સગો ગણાવે, પહેલા તેની ઓળખ ખાતરી કરો.
- **સાયબર ક્રાઈમ હેલ્પલાઈન:** જો તમને શંકા જાય કે તમે સ્કેમનો શિકાર બની શકો, તો તાત્કાલિક 1930 પર ફોન કરો અથવા સાયબર ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ નોંધાવો.




Scan the QR and stay safe

# માય રાશન એપ

વધુ માહિતી માટે સ્કેન કરો

**હર્ષદ રૂપાપરા**

'દેશમાં કોઈ પણ નાગરિક ભૂખ્યો ન રહે, કે ભૂખ્યો ન સુવે', તે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં સક્ષમ નેતૃત્વ હેઠળ અવિરત કામ કરતી ગુજરાત સરકારે જરૂરિયાતમંદોની ખાદ્ય સુરક્ષા અને પોષણ સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે.

દેશના નાગરિકોને આ યોજનાનો સરળતાથી અને પારદર્શી રીતે લાભ મળી રહે તે માટે ભારત સરકાર દ્વારા અનેક ડિજિટલ પ્રયાસો હાથ ધર્યા છે, જેમાંથી એક છે 'માય રાશન મોબાઇલ એપ'. આ એપ્લિકેશન આજે લાખો લોકોને લાભ આપે છે. તેના જ ભાગરૂપે, રાશન કાર્ડ ધરાવનારાઓ માટે હવે ઘરે બેઠા આધાર આધારિત ઈ-કેવાયસી કરવી પણ શક્ય બની છે.

### ઈ-કેવાયસી માટે જરૂરી ડોક્યુમેન્ટ

1. તમારું આધાર કાર્ડ નંબર
2. રાશન કાર્ડ નંબર
3. મોબાઇલ ફોન (જેથી OTP મળી શકે)
4. માય રાશન એપ તમારા ફોનમાં ઇન્સ્ટોલ હોવી જોઈએ

### ઈ-કેવાયસી કેવી રીતે કરશો?

- તમારા સ્માર્ટફોનમાં Google Play Store (એન્ડ્રોઇડ માટે) કે Apple App Store (iOS માટે) ખોલો. તેમા "My Ration" અથવા "માય રાશન" અધિકૃત એપ (Ministry of Consumer Affairs, Food & Public Distribution દ્વારા વિકસિત) ઇન્સ્ટોલ કરો.
- એપ ખોલીને લૉગિન કરો, તમારા રાશનકાર્ડ નંબર દાખલ કરો, OTP આધારિત લૉગિન પ્રક્રિયા પૂરી કરો.
- હવે હોમ સ્ક્રીન પર અથવા મેનૂમાં જઈને e-KYC વિકલ્પ પસંદ કરો, ત્યારબાદ Face Authentication વિકલ્પ પસંદ કરો.
- ફેસ ઑથન્ટિકેશન માટે તૈયારી કરો, તમારા ફોનનો કેમેરો ઓન થશે., તમારો ચહેરો સ્પષ્ટ રીતે કેમેરા સામે લાવો, યોગ્ય લાઇટ અને નેટવર્ક કનેક્શન સુનિશ્ચિત કરો. સ્ક્રીન પરના સૂચનાનું પાલન કરો - જેમ કે ચહેરો જમણી તરફ ફેરવો, આંખ મીંચવી, વગેરે.
- ચહેરાની ઓળખ સફળ થયા પછી એક કન્ફર્મેશન મેસેજ મળશે કે તમારી e-KYC સફળતાપૂર્વક થઈ ગઈ છે.
- જો અસફળ થાય તો ફરી પ્રયાસ કરો અથવા નજીકના FPS ડીલર કે CSC કેન્દ્રનો સંપર્ક કરો.

### નોંધણી કરતા પહેલા આ ધ્યાને રાખશો

- e-KYC માટે આધાર સાથે મોબાઇલ નંબર લિંક હોવો જરૂરી છે.
- જો OTP ન મળે તો નજીકની રાશન દુકાન અથવા CSC કેન્દ્રમાં જઈ e-KYC કરાવવી પડે.


### ઈ-કેવાયસી કરવાથી શું લાભ?

- રેશન કાર્ડ આધાર સાથે લિંક થાય છે
- રાશન મેળવામાં પારદર્શિતા રહે છે
- રાશન કાર્ડ પોર્ટેબિલિટી સુવિધા માટે જરૂરી છે

**વધુ માહિતી માટે સંપર્ક કરો:**

**રાષ્ટ્રીય ફૂડ હેલ્પલાઇન:**

૧૯૬૭ અથવા ૧૮૦૦-૧૧-૦૮૪૧, રાશન કંટ્રોલ હેલ્પલાઇન કે જિલ્લા ફૂડ ઑફિસનો સંપર્ક કરો. અથવા NFSA.gov.inની મુલાકાત લો.









# વારસાની વંદના.. વિરાસતનું સંવર્ધન.. ગુજરાતનાં સંગ્રહાલયોનું અનોખું દસ્તાવેજીકરણ

**જયેન્દ્રસિંહ જાદવ**

મ્યુઝિયમોને માનવ વિકાસના પ્રતિબિંબરૂપ માનવામાં આવે છે. અતીતની ઝાંખી કરાવતા સંગ્રહાલયના નમૂનાઓથી જે તે સમયના પ્રજાજીવનનો તાગ મેળવી શકાય છે. સંગ્રહાલયોની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાત સમૃદ્ધ રહ્યું છે. તાજેતરમાં જ ગુજરાત સરકારના માહિતી નિયામક દ્વારા એક સુંદર, દળદાર, કલાત્મક પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે જેનું શીર્ષક છે "ગુજરાતનાં સંગ્રહાલયો'. કુલ ૨૪૨ પાનાનાં આ આકર્ષક પુસ્તકમાં ગુજરાતનાં ૪૭ સંગ્રહાલયો વિશે સચિત્ર માહિતી આપવામાં આવી છે. પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરીના સહયોગથી માહિતી નિયામકની કચેરીએ આ કાબિલેદાદ કામ કર્યું છે.

ગ્રીસ પ્રજાની પોતાના ભવ્ય વારસાનું પ્રદર્શન, ગૌરવ અને સંવર્ધન કરવાની મહેચ્છાએ મ્યુઝિયમનો જન્મ થયો હશે તેવું માનવામાં આવે છે. 'મ્યુઝિયમ' શબ્દ 'મ્યુઝિસ' એટલે કે કલા તેમજ વિજ્ઞાનની નવ અધિષ્ઠાત્રી દેવીઓના મંદિર માટેના પ્રાચીન ગ્રીક નામ પરથી ઊતરી આવ્યો છે. ભારતમાં અંગ્રેજો આવ્યા અને મ્યુઝિયમનો ખ્યાલ વિકસ્યો તેમ મનાય છે. આ પુસ્તકમાં ભારત અને ગુજરાતમાં મ્યુઝિયમ પ્રવૃત્તિના આરંભકાળને અને વિકાસયાત્રાને સુંદર રીતે આલેખવામાં આવી છે. અંગ્રેજ શાસનમાં ભારતમાં વાઇસરૉય કર્ઝન તથા આર્કિયોલૉજિકલ સર્વેના વડા જૉન માર્શલ – એ બંને મહાનુભાવોએ ઉત્ખનન-સ્થળ ખાતે જ મ્યુઝિયમ (site museum) ઊભાં કરવામાં મૂલ્યવાન ફાળો આપ્યો. લોથલનું મ્યુઝિયમ આનું ઉત્તમ દૃષ્ટાંત છે.

આ પુસ્તકમાં આવા અનેક મ્યુઝિયમોની ઉત્પતિ, તેના સ્થાપત્ય વિશેષ વિશે, સંગ્રહાલયમાં જોવાલાયક વિશિષ્ટ નમૂના વિશે ઐતિહાસિક અને સાંપ્રત માહિતીને સચિત્ર -આકર્ષક રીતે આપવામાં આવી છે. આ ઉપરાંત પુસ્તકનો વાચક માત્ર વાચક ન બની રહે અને તે ગુજરાતના આ મહામૂલા સંગ્રહાલયોની મુલાકાત લે તે માટે પુસ્તકમાં મ્યુઝિયમનો સમય, સુવિધાઓ, ટિકિટના દર, સંગ્રહાલયની આસપાસના પર્યટન સ્થળો, રેલવે-એરપોર્ટથી અંતર, ફોન નંબર,



વેબસાઈટ વગેરે દર્શાવવામાં આવ્યું છે. આ પુસ્તકની ધ્યાનાકર્ષક બાબત એ છે કે દરેકે-દરેક સંગ્રહાલયનું સરનામું કયુઆર કોડ સાથે આપવામાં આવ્યું છે. પુસ્તકમાં ગુજરાતના સરકારી મ્યુઝિયમ, ટ્રસ્ટ સંચાલિત મ્યુઝિયમ અને ખાનગી મ્યુઝિયમ એમ ત્રણે પ્રકારના મ્યુઝિયમ સમાવી લેવાયા છે.

આ પુસ્તકમાં ગુજરાતમાં વર્ષ ૧૮૭૭માં સ્થપાયેલા કચ્છ સંગ્રહાલયથી લઇ તાજેતરમાં જ વડનગર ખાતે આકાર પામેલ નૂતન પુરાતત્વીય અનુભૂતિ સંગ્રહાલયની માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત આ ગ્રંથમાં આગામી સમયમાં ગુજરાતમાં આકાર પામનાર સૂચિત સંગ્રહાલયોની માહિતી પણ સમાવવામાં આવી છે, જે પુસ્તકની નૂતન અને ભવિષ્યગામી દ્રષ્ટિને દર્શાવે છે. આ પુસ્તક પરથી આપણને મ્યુઝિયમની બદલાતી તરાહો પણ ધ્યાને આવે છે. ભૂતકાળમાં કલા-મ્યુઝિયમ અવનવા નમૂનાઓના વિપુલ ભંડારની ગરજ સારતા હતા; પરંતુ તાજેતરનાં વર્ષોમાં મ્યુઝિયમ વિશેનો ખ્યાલ બદલાયો છે. આ વર્ષે 'ઇન્ટરનેશનલ મ્યુઝિયમ ડે'ની થીમ છે 'ધ ફ્યુચર ઑફ મ્યુઝિયમ્સ ઇન રેપિડલી ચેન્જિંગ કોમ્યુનિટીઝ' એટલે કે, ઝડપથી બદલાઈ રહેલા સમુદાયોમાં મ્યુઝિયમનું ભવિષ્ય.

ઈમર્સીવ ટેકનોલોજીના ઉપયોગથી ગુજરાતનાં મ્યુઝિયમો હવે નૂતન અને પુરાતનનો સુભગ સમન્વય બની રહ્યા છે તે આ પુસ્તક દ્વારા ધ્યાને આવે છે. બીજું કે ૨૧મી સદીના મ્યુઝિયમોમાં અબાલવૃદ્ધ સૌને ધ્યાને રાખીને, સર્વસમાવેશી વિચાર કરીને, પ્રવૃત્તિના માધ્યમે, પ્રવૃત્તિ સાથે જોડાઈને લોકો કશુંક જુએ-જાણે અને શીખે તેવો અભિગમ પણ આપણા સંગ્રહાલયોમાં જોવા મળે છે. સંગ્રહાલયને જાણવા અને માણવા માંગતા સૌ નાગરિકો માટે આ પુસ્તકનું મહત્ત્વ એક ઐતિહાસિક કેટલોગથી કમ નથી. આ પુસ્તક પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરે છે. આવા અમૂલ્ય દસ્તાવેજો એ આપણી સમૃદ્ધ, સંસ્કારી, કલાત્મક વિરાસતનો ભાતીગળ ચંદરવો છે, જેના આભલામાં વિકસિત ગુજરાતનું પ્રતિબિંબ જોઈ શકાય છે.

# અંત્યોદય અન્ન યોજના







**યોજનાનો ઉદ્દેશ / હેતુ**

ગરીબ કુટુંબો પૈકી અતિ ગરીબ કુટુંબોને અંત્યોદય અન્ન યોજના હેઠળ સમાવવા

**આવક મર્યાદા**

બી.પી.એલ. કાર્ડ ધારકો

**પાત્રતાના ધોરણો**

1. જમીન વિહોણા ખેતમજૂરો, સીમાંત ખેડૂતો, ગ્રામ્ય કારીગરો, મજૂરો,
2. વિધવા સંચાલિત કુટુંબો અથવા બિમાર વ્યક્તિઓ/અશક્ત વ્યક્તિઓ/૬૦ વર્ષની ઉંમરની વ્યક્તિઓ અથવા તેથી વધારે ઊંમરની વ્યક્તિઓ કે જેમને જીવન નિર્વાહ માટેનું સાધન ન હોય અથવા સામાજિક આધાર ન હોય.
3. તમામ આદિમ આદિવાસી કુટુંબો
4. બી.પી.એલ. કાર્ડધારક એચઆઇવી ગ્રસ્ત વ્યક્તિ
5. બી.પી.એલ. કાર્ડધારક રકતપિત્તથી અસરગ્રસ્ત
6. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ નોંધાયેલા તમામ વિધવા, અપંગ અશક્ત વ્યક્તિઓ કે જેઓ બી.પી.એલ. કાર્ડ ધારકો હોય તે તમામ વ્યક્તિઓ.

**યોજના અંતર્ગત મળતી સહાય**

| યોજના | અનાજનો પ્રકાર | જથ્થો (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ. પૈસા) |
|---|---|---|---|
| AAY | ઘઉં | ૨૫ | ૨.૦૦ |
| AAY | ચોખા | ૧૦ | ૩.૦૦ |
| | | કાર્ડદીઠ કુલ-૩૫.૦૦ કિગ્રા. | |

AAY કુટુંબોને માર્ચ-૨૧થી કાર્ડદીઠ માસિક ૧ કિ.ગ્રા તુવેરદાળ વિતરણ કરવામાં આવે છે.

**અમલીકરણ કરતી કચેરી/સંપર્ક અધિકારી**

અન્ન અને નાગરિક પુરવઠા નિગમ

**અરજી સમયે રજુ કરવાના થતા પુરાવા**

બી.પી.એલ. કાર્ડ

અંત્યોદય અન્ન યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો

'મારી યોજના' પોર્ટલ એ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે તમામ યોજનાઓની માહિતી.




**Published on Date : 1-6-2025**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : BPC, Gandhinagar on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦